જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ
પ્રેસ પ્રતિનિધિઓ
નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર,
મેરૂલક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૦૭-૦૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । અંક : ૨૩ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

રોબર્ટ વાઢેરા ૩.૪૭ વાગે ઈડીની ઓફિસમાં પહોંચ્યા બાદ પુછપરછ

મની લોન્ડરિંગ પ્રકરણમાં રોબર્ટ વાઢેરાની લાંબી પુછપરછ કરાઈ

રોબર્ટ વાઢેરાની પુછપરછથી રાજકીય ગરમી વધી છે : વાઢેરાની સાથે તેમના પત્નિ પ્રિયંકા વાઢેરા પણ પહોંચ્યા : કોંગ્રેસ વર્તુળોમાં નારાજગીનું મોજુ ફેલાયું

નવીદિલ્હી

મની લોન્ડરિંગ કેસના સંબંધમાં કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાઢેરાના પતિ રોબર્ટ વાઢેરાની આજે ઈડી દ્વારા આશરે દોઢ કલાક સુધી લાંબી પુછપરછ કરવામાં આવી હતી. વાઢેરાની સાથે તેમના પત્નિ પ્રિયંકા વાઢેરા પણ ઈડીની ઓફિસમાં પહોંચ્યા હતા. જો કે, તેઓ ગેટથી જ પરત ફર્યા હતા. ઈડીની ટીમે વાઢેરાને ઘણા બધા પ્રશ્નો કર્યા હતા. શનિવારના દિવસે દિલ્હીની કોર્ટે વાઢેરાની જામીન અરજીને ફગાવી દીધા બાદ મની લોન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા તેમની ધરપકડ ઉપર ૧૬મી ફેબ્રુઆરી સુધી પ્રતિબંધ મુકી દીધો હતો. જો કે, કોર્ટે તપાસમાં સહકાર કરવા વાઢેરાને આદેશ કર્યો હતો. ઈડીને આજની તારીખે પુછપરછ કરવાની પણ મંજુરી આપવામાં આવી હતી. યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરા વિદેશમાં ગેરકાયદે સંપત્તિ રાખવાના સંબંધમાં મની લોન્ડરિંગ સાથે જોડાયેલા મામલામાં આજે ઈડી સમક્ષ ઉપસ્થિત થયા હતા. પ્રિયંકા વાઢેરા પણ તેમની સાથે સફેદ ટોયટો લેન્ડક્રુઝર ગાડીમાં તેમની સાથે આવ્યા હતા. તેમની પાછળ એસપીજીના સુરક્ષા કર્મીઓ રહ્યા હતા. વાઢેરાને મધ્ય દિલ્હીના જામનગર હાઉસ સ્થિત એજન્સીની સમક્ષ છોડવામાં આવ્યા હતા ત્યાંથી તેઓ પોતાની ગાડીના કાફલા સાથે રવાના થયા હતા. વાઢેરા ૩.૪૭ વાગે ઈડીની ઓફિસમાં પહોંચી ગયા હતા. તેમના વકીલોની ટીમ પહેલાથી જ પહોંચી ગઈ હતી. આ પ્રથમ વખત બન્યું છે જ્યારે રાહુલ ગાંધીના બનેવી વાઢેરા શંકાસ્પદ લેવડદેવડના અપરાધિક આરોપના સંબંધમાં કોઈ તપાસ સંસ્થાની સમક્ષ ઉપસ્થિત થયા છે. વાઢેરાએ પહેલા એવા આક્ષેપોને રદિયો આપ્યો હતો કે, તેમની કોઈપણ પ્રકારની ગેરકાયદે સંડોવણી નથી. રાજકીય બદલા લેવાની ભાવનાથી કાર્યવાહી કરવામાં આવી રહી છે. દિલ્હીની કોર્ટે વાઢેરાને કેન્દ્રીય તપાસ સંસ્થા સાથે સહકાર કરવા માટે કહેવામાં આવ્યું હતું. વાઢેરાએ મામલામાં જામીન માટે કોર્ટમાં અરજી પણ કરી હતી. કોર્ટે વિદેશથી પરત ફર્યા બાદ ઈડી સમક્ષ ઉપસ્થિત થવા કહ્યું હતું. ઈડીએ કહ્યું છે કે, લંડન સ્થિત ફ્લેટને ફરાર ડિફેન્સ [illegible] સંજય ભંડારીએ ૧૬ કરોડ ૮૦ લાખ રૂપિયામાં ખરીદી લીધું હતું. ત્યારબાદ રિટેલ કામગીરી માટે તેના પર ૬૫૯૦૦ પાઉન્ડની રકમ વધારાની ખર્ચ કરવામાં આવી હતી છતાં ભંડારીએ ૨૦૧૦માં આજ કિંમત ઉપર તેનું વેચાણ રોબર્ટ વાઢેરાના અંકુશવાળી કંપનીને કરી દીધું હતું. ભંડારીની સામે ઓફિશિયલ સિક્રેટ એક્ટ હેઠળ ૨૦૧૬માં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. મની લોન્ડરિંગનો આ મામલો લંડન સ્થિત એક પ્રોપર્ટી સાથે જોડાયેલા છે. વાઢેરાના નજીકના સાથી સુનિલ અરોડાની સામે ઈડીએ મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો છે. આ મામલામાં અરોડાને કોર્ટે ૧૬મી ફેબ્રુઆરી સુધી ધરપકડથી રાહત આપી દીધી છે. આ મામલો લંડનના બાર બ્રાઈન સ્કેવર સ્થિત ૧૭ કરોડ રૂપિયાની એક પ્રોપર્ટીની ખરીદી સાથે સંબંધિત મની લોન્ડરિંગનો કેસ છે. ઈડીનો દાવો છે કે, આ સંપત્તિના અસલી માલિક રોબર્ટ વાઢેરા છે. કોર્ટમાં ઈડીએ એમ પણ કહ્યું છે કે, વાઢેરા અને તેમના સાથીઓને વર્ષ ૨૦૦૯માં થયેલી પેટ્રોલિયમ સોદાબાજીમાં પણ નાણા મળ્યા હતા. મની લોન્ડરિંગ કેસના કારણે એકબાજુ રોબર્ટ વાઢેરાને કાયદાકીય દુવિધાઓનો સામનો કરવો પડશે. બીજી બાજુ લોકસભા ચૂંટણી નજીક હોવાથી કોંગ્રેસને પણ ટિકા ટિપ્પણીનો સામનો કરવો પડશે. તેમના પત્નિ પ્રિયંકા વાઢેરાને હાલમાં જ ઉત્તરપ્રદેશમાં મોટી જવાબદારી સોંપવામાં આવી છે. આગામી દિવસોમાં આ હિલચાલ કોંગ્રેસ માટે મુશ્કેલીરુપ સાબિત થઈ શકે છે.

ગુજરાત કેબિનેટની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય

ગુજરાતમાં ૨૪ કલાક રિટેલ બજારો ખુલ્લા રાખવા નિર્ણય

કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવાયા બાદ ખાણી-પીણીથી લઈ અન્ય તમામ કારોબારીઓને લાભ : રોજગારી વધી શકે

અમદાવાદ

ગુજરાતમાં રિટેલ બજારને ૨૪ કલાક ખુલ્લી રાખવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે જેના કારણે કારોબારીઓને મોટી રાહત અને પ્રોત્સાહન મળશે. ખાણી-પીણીથી માંડીને અન્ય કારોબારીઓને સીધો ફાયદો થશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કેબિનેટની બેઠક બાદ લેવામાં આવેલા નિર્ણય અંગે માહિતી આપી હતી. નોકરિયાત વર્ગને પણ આના લીધે ફાયદો થશે. કારણ કે, રાત્રિ ગાળામાં નોકરી કરતા લોકોને સીધી રાહત થશે. છેલ્લા ઘણા સમયથી ૨૪ કલાક રિટેલ બજારને ખુલ્લુ રાખવાને લઈને ચર્ચા ચાલી રહી હતી. કારોબારીઓ તરફથી આ અંગે પ્રતિક્રિયાઓ જાણી શકાય નથી. વર્તમાનમાં રાતના ૧૨ વાગ્યા સુધી વેપાર-ધંધા કરી શકાતા હતા. પરંતુ નવા સુધારાને પગલે ચોવીસે કલાક દુકાનો ખુલ્લી રાખી શકાશે. સાથે જ સરકારે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે દુકાનો ૨૪ કલાક ચાલુ રહેતા રોજગારી વધશે. કેબિનેટની બેઠકમાં શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કાયદામાં સુધારો કરીને મંજૂર કરવામાં આવ્યો હતો. શિયાળુ સત્રમાં ૧૮મીએ શોપ એસ્ટેબલિશમેન્ટ એક્ટમાં સુધારા દર્શાવતું બિલ રજૂ કરાશે. રાજ્યમાં અંદાજે ૭ લાખ જેટલા દુકાનદારો નોંધાયેલા છે. તેમને ફરજિયાત દર વર્ષે રજીસ્ટ્રેશન કરાવવું પડતું હતું. પરંતુ આ બિલને લાવવાનો નિર્ણય લેવાતા વેપારીઓને રિન્યૂ કરાવવામાંથી મુક્તિ મળશે. નવા વેપારીએ હવે ખાલી એક જ વાર રજીસ્ટ્રેશન કરાવવું પડશે.

નવી દિલ્હી

સબરીમાલા વિવાદના મામલામાં સુપ્રીમ કોર્ટે આજે સુનાવણી હાથ ધરી હતી. જો કે, મહિલાઓના પ્રવેશની રિવ્યુ પિટિશન ઉપર સુપ્રીમકોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. રિવ્યુ પિટિશન ઉપર ચુકાદો અનામત રાખવામાં આવ્યા બાદ શ્રદ્ધાળુઓમાં પણ આની ચર્ચા રહી હતી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ આરએફ નરિમન, જસ્ટિસ એએમ ખાનવિલકર, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાની બેંચે સબરીમાલા સંબંધિત ચુકાદા ઉપર ફેરવિચારણાની માંગ કરતી ૪૮ અરજીઓ ઉપર વિચારણા કરનાર છે. સુનાવણી દરમિયાન મંદિરમાં પ્રવેશ કરનાર બે મહિલાઓ બિન્દુ અને કનક દુર્ગા દ્વારા પણ પોતાની રજૂઆત કરવામાં આવી હતી. આ બંને મહિલાઓએ કોર્ટમાં કહ્યું હતું કે, મંદિરમાં પ્રવેશ કર્યા બાદથી તેમને સતત ધમકીઓ મળી રહી છે. તેમની જાન સામે ખતરો છે. સુપ્રીમ કોર્ટમાં આજે એવી ૪૮ અરજીઓ ઉપર સુનાવણી હાથ ધરવામાં આવી હતી જેમાં કેરળમાં સબરીમાલા મંદિરમાં તમામ વર્ગની મહિલાઓના પ્રવેશની મંજુરીવાળા તેમના ૨૮મી સપ્ટેમ્બરના ચુકાદા ઉપર ફેર વિચારણા કરવાની માંગ કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે, સુપ્રીમ કોર્ટે ૨૮મી સપ્ટેમ્બરના દિવસે ઐતિહાસિક ચુકાદો આપતા કહ્યુ હતુ કે કેરળના સબરીમાલા મંદિરમાં મહિલાઓ એન્ટ્રી કરી શકશે. મહિલાઓને પ્રવેશની મંજુરી આખરે મળી ગઈ હતી. જો કે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હોવા છતાં શ્રદ્ધાળુઓના જોરદાર વિરોધના લીધે મહિલાઓને ઘણા દિવસો સુધી પ્રવેશની મંજુરી મળી શકી ન હતી.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847
7575006848
7575006850

Whats-App Time 10 am to 5 pm

MARKET 4U™

ના ઓનલાઇન પ્લેટફોર્મમાં

આપના વ્યવસાયની ફિક્સ જાહેરાત
રૂપિયા ૫૧૦૦/- (+ટેક્સ)માં ત્રણ વર્ષ માટે મુકાવો

અને મેળવો

આપના વાહનની સિક્યુરિટી
ટ્રેકિંગ સિસ્ટમ (GPS) તદ્દન મફત
આપના બંધ પડેલ જીપીએસ
ફક્ત ૫૦૦ રૂપિયામાં ચાલુ કરી આપવામાં આવશે.

દરેક શહેરમાં એજન્ટ નિમવાના છે

સંપર્ક : ૭૫૭૫૦૦૬૮૪૭

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની સ્થાના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનથી બાકીના રૂપિયા કામ મુજબ ચચેલ આવકમાંથી ચુકવાઇ જશે, જે માટે સાથે દર્શાવેલ ફોટ્ટ પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકસ્ટ્રા ઇનકમ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૬૫૦/- (ઓટો મોડવી કરાવી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડવી કરાવી) આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

આગામી મહાશિવરાત્રીના મેળા માટે મણિનાગેશ્વર મંદિર આસપાસ ફૂલના છોડની રોપણી

મેળા માટે કુંવરપરા ગામના યુવા સરપંચ નિરંજન વસાવા અને ગ્રામજનો દ્વારા મંદિરની શોભા વધારવા યુદ્ધના ધોરણે કામગીરી



રાજપીપળા : નાંદોદ જિલ્લા કુંવરપરા ગ્રામ પંચાયતમાં આવતા જાણીતા મણિનાગેશ્વર મંદિર ની શોભા વધારવા ગામના યુવા સરપંચ નિરંજન વસાવા તેમજ ગ્રામજનો દ્વારા પ્રથમ વખત બનેલી આ ગામની ગ્રામ પંચાયત અને એના જાગૃત સરપંચ દ્વારા મહાશિવરાત્રીનો મેળાના દિવસો નજીક આવી રહ્યા હોય તે માટે મંદિરની શોભા વધારવા અને મેળામાં આવતા ભક્તો ને અલગ વાતાવરણ સાથે સ્વછતા મળે એ માટે સરપંચ દ્વારા ૧૧૦૦ ફૂલોના વૃક્ષોનું રોપણ તેમજ મંદિરની સાફ સફાઈ કામગીરી શરુ કરવામાં આવી હતી.

નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી સહીત ઘણી જગ્યાઓ પ્રવાસીયોના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે ત્યારે મણિનાગેશ્વર મંદિર પણ ખુબ જાણીતું હોય એની શોભા વધારી પ્રવાસીયો માટે એ પણ એક આકર્ષણનું કેન્દ્ર બને અને મોટી સંખ્યા માં પ્રવાસીયો મંદિર ખાતે આવી દર્શન કરે એવી ધાર્મિક ભાવનાથી ગામના જાગૃત સરપંચ દ્વારા આ અભિયાન શરુ કરાયું છે.

ભરૂચની શ્રવણ સ્કૂલ ખાતે શાળાના બાળકોનો ડેન્ટલ ચેકઅપ યોજયો



શહેરમાં આવેલી શાળા શ્રવણ વિદ્યાધામમાં JCI ભરૂચ દ્વારા પ્રાથમિક વિભાગ (ગુજરાતી- અંગ્રેજી માધ્યમ) ના વિદ્યાર્થીઓ માટે ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં વિદ્યાર્થીઓના દાંતનું ચેકઅપ કરી દાંતને લગતી સમસ્યાનું નિવારણ કરવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતાં. કેમ્પમાં કુલ ૪૦૦ વિદ્યાર્થીઓનું ડેન્ટલ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં JCI ના લેડી ચેરપર્સન કિંજલ શાહે વગેરેઓને દાંતને લગતી સમસ્યા અને દાંતને તંદુરસ્ત રાખવા માટે કેવી કાળજી રાખવી તે બાબતો અંગે ઊંડાણ પૂર્વક સમજૂતી આપવામાં આવી હતી. આ કેમ્પમાં ડો. J.C. રૂનીત જૈન, ડો.અમીત દુબે, ડો.અરફાહ પઠાણ, ડો.ઉવૈશ પઠાણ, ડો. કિન્નરી ઠાકુર, ડો. મનિષા શર્મા વગેરે ડોકરર્સે પોતાની સેવા આપી હતી.

કાર્યક્રમમાં પ્રેસીડન્ટ ઓફ JCI હુસૈન ગુલામહુસેનના તથા લેડી જેસી જુમાના મેડમે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. શાળાના આચાર્ય સુનિલ ઉપાધ્યાય, ટ્રસ્ટીગણ અને સ્ટાફ મિત્રોએ તઝૈં વીગની ટીમનો આભાર વ્યકત કર્યો હતો અને સ્મૃતિચિન્હ આપી ટીમની કામગીરીને બીરદાવી હતી.

ઝઘડીયા તાલુકાના ગોવાલી ગામે આવેલ સ્વર રેસીડન્સી સોસાયટીમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી ભરૂચ એલસીબી



ભરૂચ જીલ્લા ના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓની સુચના મુજબ ભરૂચ એલ.સી.બી ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર જે.એન.ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી ના પોલીસ સબ ઈન્સ. વાય.જી.ગઢવી તથા ટીમના પોલીસ માણસો મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ અંક્લેશ્વર વિસ્તારમા પેટ્રોલીંગ મા હતા દરમ્યાન એલ.સી.બી ના પો.કો. નરેશભાઈ ગલાબભાઈ તથા પો.કો.સરફરાજ મહેબુબભાઈ નાઓને મળેલ હકીકત આધારે બે ઇસમો જેમા (૧) દિપકભાઈ ઉર્ફે દિપો વારીશભાઈ વસાવા રહે- નવા બોરભાઠા,તક્ષશીલા સ્કુલની પાછળ,કબુતર ખાના, તા-અંક્લેશ્વર જી-ભરૂચ મુળ રહે- સુરતી ભાગોળ, ગુજરાત ગેસ ના તળાવ પાસે,અંક્લેશ્વર શહેર જી-ભરૂચ તથા (૨) નરેશભાઈ પ/૦ ભરતભાઈ બચુભાઈ પલાસ રહે-હાલ-સિલ્વર પ્લાઝા શોપીગ સેન્ટરની બાજુમા ઝુપડપટટી મા પ્રતિન ત્રણ રસ્તા પાસે અંક્લેશ્વર જી-ભરૂચ મુળ રહે- મોટી ખરજ, પલાસ ફળીયુ તા.જી-દાહોદ નાઓને ઓટોરીક્ષા સાથે રોકી તેઓના કબ્જામાંથી સેમસંગ કંપનીના બે ટી.વી તથા ચાંદીની ચાર વીંટી મળી આવેલ જેથી મળી આવેલ મુદ્દામાલ બાબતે પુછપરછ કરતા ગલ્લા-તલ્લા મારી કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી પુછપરછ દરમ્યાન ઝઘડીયા તાલુકાના ગોવાલી ગામ નજીક આવેલ સ્વર રેસીડન્સી સોસાયટીમા આવેલ એક મકાન માંથી ચોરી કરી મેળવેલ હોવાની કબુલાત કરેલ જે અંગે ખાત્રી કરતા ઝઘડીયા પો.સ્ટે. મા ગુ.ર.નં- ૦૩/૨૦૧૯ ઈ.પી.કો. ક-૪૫૭,૩૮૦ મુજબ ગુનો નોંધાયેલ હોય જેથી મળી આવેલ સેમસંગ કંપની ના ટી.વી નંગ-૨ તથા ચાંદીની વીટી નંગ-૦૪ તથા ઓટોરીક્ષા મળી કુલ કી.રૂ.૭૩,૨૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી ઉપરોક્ત બન્ને ઇસમો તથા મુદ્દામાલ વધુ તપાસ અર્થે ઝઘડીયા પો.સ્ટે.મા સોંપવા કાર્યવાહી કરવામા આવેલ છે.

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના પડતર પ્રશ્નો મામલે

બોટાદ જીલ્લાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા વિરોધ પ્રદર્શન-રામધુન બોલાવી ધરણા યોજી વિરોધ કરાયો



વિરોધ પ્રદર્શનની સાથે રક્તદાન કેમ્પ યોજાયો ૫૧ બોટલ રક્ત એકત્રીત કરાયુ

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ ગાંધીનગરના આદેશ અનુસાર પંચાયત સેવા હેઠળના આરોગ્ય વિભાગના ફીમેલ હેલ્થ વર્કરો,મલ્ટી પરપઝ હેલ્થ વર્કરો, ફાર્માસીસ્ટો, લેબોરેટરી ટેકનિશ્યનો, મેઈલ તથા ફીમેલ સુપરવાઈઝરો વગેરે જેવી જુદી જુદી છ કેડરના વર્ષો જુના વણઉકેલાયેલ પડતર પ્રશ્નો બાબતે બોટાદ ખાતે બોટાદ જીલ્લાના તમામ પંચાયત હેઠળના આરોગ્ય કર્મચારી એક સાથે સામુહિક રજા (માસ.સી.એલ.) પર ઉતરી ગયેલ આરોગ્ય કર્મચારી દ્વારા વિરોધ દર્શાવિલ પરંતુ સરકાર દ્વારા પડતર માંગણીઓ અંગે કોઈ નિરાકરણ ન આવતા બોટાદ જીલ્લા આરોગ્ય કર્મચારી સામુહિક રીતે એક દિવસ માટે રજા ઉપર ઉતરી ગયા હતા બોટાદ તાલુકા સેવા સદન સામે તમામ કર્મચારીઓ.દ્વારા ધરણા યોજી રામધુન બોલાવી હતી જાહેર લોક સેવાર્થે સગર્ભા બહેનો કે અન્ય જરૂરીયાત મંદો ને મદદ કરવા માટેના ઉદેશ્યથી રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં આરોગ્યના તમામ ભાઈઓ અને બહેનો કર્મચારીઓ દ્વારા ૫૧બોટલ રક્ત એકત્રિત કરી ઉમદા સેવા કરી હતી. આરોગ્યના કર્મચારી દ્વારા ઘરે ઘરે જઈને પ્રતિકુળ વાતાવરણમાં પણ કષ્ટ વેઠી અને ચેપી રોગચાળા વચ્ચે પોતાના જીવન નુ જોખમ વેઠીને છેવાડાના લોકોને આરોગ્યની સેવાઓ તેમજ સરકારી યોજનાને સફળતાપુર્વક પહોચાડવાની કામગીરી કરી રહ્યા છે ત્યારે આ કાર્યક્રમથી સરકાર ને આ પ્રશ્ને હકારાત્મક નિર્ણય કરી સત્વરે નિરાકરણ લાવવામાં આવે તેવી આરોગ્ય પંચાયત કર્મચારીઓની માંગણી છે.

સોમનાથ ખાતે દ્વિતીય દ્વાદશ જ્યોર્તિલિંગનો સમારોહ ૨૩ થી ૨૫ ફેબ્રુઆરીએ યોજાશે

શ્રી સોમનાથ ખાતે દ્વિતીય દ્વાદશ જ્યોર્તિલિંગ સમારોહ ૨૦૧૯ તા.૨૩,૨૪ અને ૨૫ આ મહિનામાં યોજાવાનો છે. જે ગતવર્ષે ઉજૈન ખાતે આવેલ મહાકાલેશ્વર જ્યોતિલ'ગના સાનિધ્યમાં યોજાયો હતો. આજ રીતે આ વખતે શ્રી સોમનાથ મહાદેવ પ્રથમ જ્યોર્તિલિંગ ખાતે યોજાશે. ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓ માં ૧૨ રથ જેમાં અલગ અલગ ૧૨ જ્યોતિલ'ગના દર્શન કરાશે.

૧૯મીના રોજ જંબુસરથી ત્રમ્બકેશ્વર મહાદેવનો રથ ભરૂચ જિલ્લામાં પ્રવેશ કરશે.ત્યારે વિશ્વહિન્દુ પરિષદ ભરૂચ જિલ્લા માં એનું સંચાલન કરશે. દ્વિતીય દ્વાદશ જ્યોતિલ'ગ સમારોહ નિમિતે ભવ્ય ઉત્સવમાં સૌવ ભક્તો જોડાય તેવા હેતુથી દરેક જિલ્લામાં રથયાત્રા ફરશે સાથે સમારોહમાં પધારવા આમંત્રણ પણ આપશે.

આ પ્રસંગે ડો.યશોધર ભટ્ટ સોમનાથ ટ્રસ્ટ સંકલન કર્તાએ માહિતી આપતા જણાવેલ કે ૧૨ જ્યોર્તિલિંગોની પવીત્ર માટી, દરેક નદીઓના નીરથી સોમનાથ ખાતે પાર્થિવ શિવલિંગનું નિર્માણ કરી પૂજન કરવામાં આવશે. રથયાત્રામાં સ્વાગત, આરતી, યજ્ઞ, સંત સંમેલન, ડાયરા અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. રથયાત્રા જંબુસરથી પ્રવેશી, આમોદ, ત્રાલસા,ભરૂચ શહેરમાં શ્રવણ ચોકડી સ્વાગત ત્યાંથી શક્તિનાથ સર્કલથી વેજલપુર ફરી અંકલેશ્વર આવશે. આ સમારોહમાં કેશુ પટેલ,અમિત શાહ વગેરે મહાનુભાવો હાજર રહેનાર છે.

સોમનાથથી ભરૂચ ખાતે આવનાર રથયાત્રા અને દ્વિતીય દ્વાદશ જ્યોર્તિલિંગ સમારોહ ૨૦૧૯ અંતર્ગત માહિતી આપતા સમયે ભરૂચ ખાતે સોમનાથ ટ્રસ્ટના ડો.યશોધર ભટ્ટ ,જીતુપુરી ગૌસ્વામી,સીડા સોલંકી,વિશ્વ હિન્દુ પરિષદના સભ્યો વગેરે હાજર રહયા હતા.

૯ ફેબ્રુઆરી થી ધાંગધ્રા-બોટાદ ડેમુ ટ્રેનનો પ્રારંભ લોકોમાં આનંદની લાગણી ફેલાઈ

રેલ્વે મંત્રાલય દ્વારા સુરેન્દ્રનગર-ધાંગધ્રા ડેમુ પેસેન્જર ટ્રેન ને બોટાદ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે આગામી ૯ ફેબ્રુઆરી ને શનિવાર થી ધાંગધ્રા-બોટાદ ડેમુ ટ્રેનનો પ્રારંભ થશે બે ડેમુ ટ્રેન દોડાવવામાં આવશે બોટાદ થી આ ડેમુ ટ્રેન ઉપડી કુંડલી, રાણપુર, ચુડા, લિંબડી, વઢવાણ, જોરાવરનગર, સુરેન્દ્રનગર ગેટ, સુરેન્દ્રનગર, કટુડા, રાજસીતાપુર થઈ ધાંગધ્રા પહોચશે. આ ડેમુ ટ્રેન બોટાદથી સવારે ૬:૩૦ ક્લાકે ઉપડશે અને સુરેન્દ્રનગર સવારે ૮:૧૦ વાગે પહોચશે અને ધાંગધ્રા સવારે ૯:૨૦ વાગે પહોચશે ત્યારબાદ બોટાદથી બપોરે ૪:૪૦ વાગે ઉપડશે અને સુરેન્દ્રનગર સાંજે ૬:૩૫ વાગે પહોચાડશે અને ધાંગધ્રા સાંજે ૭:૪૫ વાગે પહોચશે જ્યારે ધાંગધ્રા થી બોટાદ આવવા માટે ધાંગધ્રા થી સવારે ૯:૩૦ વાગે ઉપડશે સુરેન્દ્રનગર થી ૧૦:૪૦ વાગે ઉપડશે અને બોટાદ સવારે ૧૨:૩૫ વાગે પહોચશે. જ્યારે બીજી ટ્રેન ધાંગધ્રા થી બોટાદ જવા માટે ધાંગધ્રા થી રાત્રે ૭:૫૫ વાગે ઉપડશે અને સુરેન્દ્રનગર થી રાત્રે ૯:૩૦ વાગે ઉપડશે અને બોટાદ રાત્રે ૧૧:૪૦ વાગે પહોચશે આમ ધાંગધ્રા-બોટાદ વચ્ચે બે ડેમુ ટ્રેન ડેઈલી દોડશે અને બોટાદ, કુંટલી, રાણપુર, ચુડા, લિંબડી, વઢવાણ, જોરાવરનગર, સુરેન્દ્રનગરના લોકોને ખુબજ ઉપયોગી થશે અને મુસાફળી કરવી આશાન બનશે. આ ડેમુ ટ્રેન ૯ ફેબ્રુઆરી થી ચાલુ થતા આ વિસ્તાર ના લોકો માં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે.

નર્મદા જિલ્લા બિટીપી આગેવાન ચૈતર વસાવાને રાજકીય કિન્નખોરી રાખી પાસા હેઠળ અટકાયત કરી હોવાનો આક્ષેપ

રાજપીપળા :પીએમ મોદીએ ૩૧મી ઓક્ટોબરેકેવડિયા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું હતું.બાદમાં સ્થાનિક આદિવાસીઓએ બિટીપી અને અન્ય આદિવાસી નેતાઓની આગેવાનીમાં સ્ટેચ્યુઓફ યુનિટી પ્રોજેક્ટ વિરોધમાંઉગ્ર આંદોલન કર્યુંહતુંઆ ઉગ્ર આંદોલનની કેન્દ્રીયસ્તરેનોંધ પણ લેવાઈછે.તોબીજી બાજુ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પણ નજીક આવી રહી છે ત્યારે જ નર્મદા જિલ્લાના બિટીપી આગેવાન ચૈતર વસાવાને પાસા હેઠળ અટકાયત કરી જેલમાં ધકેલી દેતા બિટીપી કાર્યકરોએ રોષ વ્યકત કરી ભાજપ અને જિલ્લા વહીવટીતંત્ર પર ગંભીર આક્ષેપોલગાવી ગુજરાતના રાજ્યપાલને સંબોધતુ આવેદનપત્ર જિલ્લા કલેકટરને આપ્યું હતું.નર્મદા જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન બહાદુર વસાવા,મહેશ વસાવા સહિત મોટી સંખ્યાં બિટી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આવેદનપત્ર આપતી વેળાએ પોતાની રજુઆતમાં બિટીપી કાર્યકરોએજણાવ્યુંહતુંકેબિટીપી આગેવાન ચૈતર વસાવા સમાજને સંવેધાનીક રીતેજાગૃત કરી રહ્યા છેએને રોકવાનોભાજપનોઈશારેકારશોરચાયો છે.વર્ષ ૨૦૧૮ ગુજરાત વિધાનસભા ચૂંટણીમાંડેડીયાપાડા કંજાલ બુથનું ઈફસ મશીન રહી ગયું હતું એ ઈફસમશીન નર્મદા જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન બહાદુર વસાવા અને ચૈતર વસાવા રાજપીપળા જમા કરાવવા આવ્યા હતા.એજ દિવસે સાંજે જેતે સમયના નર્મદા જિલ્લા કલેકટર આર.એસ.નિનામાએ એવી ધમકી આપી હતી કે તમે આ બધું મીડિયા સમક્ષ લાવ્યા છો હું તમને જોઈ લઈશ.ખરી હકીકત એવી છે કે ડેડીયાપાડા-સાગબારામાં બિટીપીનું વર્ચસ્વ વધી રહ્યું છે,જેથી સ્થાનિક ભાજપના આગેવાનો, જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ અમલદારો દબાણ લાવી ભયનું વાતાવરણ ઉભું કરવા ચોક્કસ હરીફ જૂથના આગેવાનોને પાસા હેઠળ જેલમાં ધકેલી ચૂંટણી જીતવા કારશો રચી રહ્યા છે.

ભરૂચ તાલુકાના કવીઠા ગામેથી બાવળની ઝાડીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જીલ્લામાં પ્રોહી તથા જુગારની બદ્દીઓ નેસ્તનાબુદ કરી ગુનાઓ શોધી કાઢવા આપેલ માર્ગદર્શન તથા ઈન્ચાર્જ પો.ઈન્સ. જે.એન. ઝાલાની સીધી સુચના આધારે પો.સ.ઈ. એ.એસ. ચૌહાણ એલ.સી.બી ભરૂચ નાઓની ટીમે બાતમી આધારે કવિઠા ગામ નજીક રેડ કરતા લીસ્ટેડ બુટલેગર કિર્તન ઉર્ફે કિરણ અમરતલાલ વસાવા રહે. કવિઠા ગામ ભાથીજી મંદિર પાસે જુની વસાહત તા.જી. ભરૂચ નો દુર થી પોલીસની રેડ જોઈ નાશી ગયેલ અને તેણે સંતાડેલ બાવળની ઝાડીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂના બોક્ષ નંગ ૧૮ માં કુલ નાની મોટી બોટલ તથા બીયર નંગ મળી કુલ બોટલ નંગ ૪૬૨ કિ.રૂ. ૭૬,૪૪૦/- મુદ્દામાલ પકડી પાડી વધુ તપાસ અર્થે નબીપુર પો.સ્ટે. તરફ મોકલી આપેલ છે.



રાણપુર બી.એ.પી.એસ.સ્વામીનાયણ મંદીર ખાતે દિવ્ય શાકોત્સવ યોજાયો

મોટી સંખ્યામાં હરિભક્તોએ આખા રીંગણાના શાક નો પ્રસાદ લીધો

સ્વામીનારાયણ સંપ્રદાયમાં શાકોત્સવ નુ અનેરૂ મહત્વ છે વર્ષો પહેલા સ્વામીનારાયણ ભગવાને લોયા માં ૬૦ મણ રીંગણા અને ૧૮ મણ ઘી ના વઘાર કરી ને ભવ્ય શાકોત્સવ કર્યો હતો અને પ્રમુખ સ્વામી મહારાજે પણ લોયાની પાવન ભુમિ ભવ્ય શાકોત્સવ કર્યો હતો

એ વખતના લોયા ના શાકોત્સવ ની ઝાંખી કરાવતો દિવ્ય શાકોત્સવ બોટાદ જીલ્લાના રાણપુરમાં પ્રમુખસ્વામી માર્ગ ઉપર આવેલ બી.એ.પી.એસ.સ્વામીનારાયણ મંદીર ખાતે કરવામાં આવ્યો હતો શાકોત્સવ દરમ્યાન મંદીરના સભા મંડપ માં ભવ્ય સત્સંગ સભા યોજાઈ હતી જેમાં સાળંગપુર થી વિધ્વાન સંતો ખાસ પધાર્યા હતા અને ભગવાન સ્વામીનારાયણે અને પ્રમુખસ્વામી મહારાજે લોયા માં કરેલા શાકોત્સવ ની રસપ્રદ વાતો સાથે સ્વામીનારાયણ ભગવાનની જીવનલીલા વિશેની ધાર્મિક વાતો કરી હતી આ શાકોત્સવ માં સંતોએ તથા બ્રહ્મભુષણ સ્વામીએ પોતાની હાથે શાક બનાવી હરિભક્તો ને પ્રેમથી જમાડ્યા હતા અને વાતાવરણ ભક્તિમય બની ગયુ હતુ આ શાકોત્સવ નો લાભ લેવા માટે ઉદ્યોગપતિ ભુપતભાઈ મકવાણા, રાજુભાઈ મકવાણા, વિશાલભાઈ મકવાણા, કિર્તિભાઈ વઢવાણા,પુર્વ સરપંચ જીવાભાઈ રબારી, રાણપુર એ.પી.એમ.સી.ના ચેરમેન નરેન્દ્રભાઈ દવે,મોહનભાઈ મકાણી, ભરતભાઈ ચૌહાણ ,વજુભાઈ વાઘેલા,દીલીપભાઈ ચંહાણ, જીગ્નેશભાઈ ગદાણી,ધનશ્યામભાઈ પુજારી સહીત અનેક આગેવાનો તથા રાણપુર તથા આજુબાજુ ના ગામડાઓમાંથી મોટી સંખ્યા માં હરિભક્તો શાકોત્સવ માં આવ્યા હતા અને શાક ના મહાપ્રસાદ નો લાભ લીધો હતો આ શાકોત્સવનુ આયોજન રાણપુર બી.એ.પી.એસ.મંદીરના સંત મુનીસેવાદાસ સ્વામી અને બ્રહ્મભુષણ સ્વામી તથા રાણપુર બી.એ.પી.એસ.સત્સંગ મંડળ દ્વારા આ શાકોત્સવ કરવામાં આવ્યો હતો અને હરિભક્તો એ લોયાના શાકોત્સવ ને યાદ કરી ને આ શાકોત્સવ નો ભરપુર લાભ લીધો હતો આ શાકોત્સવ અંગે રાણપુર ના ઉદ્યોગપતિ અને ટેક્ષપીન બેરીંગ્સ કંપનીના માલીક ભુપતભાઈ મકવાણા એ જણાવ્યુ હતુ કે આજે રાણપુરમાં જે શાકોત્સવ યોજાયો છે તેમાં રાણપુર સહીત આજુબાજુ ગામડાના હરિભક્તો ખુબજ મોટી સંખ્યામાં આવ્યા છે અને સંતો એ જબરજસ્ત શાક બનાવ્યુ છે જયારે ભગવાન સ્વામીનારાયણે એમના વખતમાં જે લોયા માં શાક બનાવ્યુ હતુ તેવુજ શાક આજે રાણપુર ના શાકોત્સવ માં બન્યુ છે મે મારી લાઈફ માં આવુ શાક ક્યારેય ખાધુ નથી અમારા ઘરે પણ આવુ શાક નથી થતુ એવુ અદભુદ શાક સંતોએ બનાવ્યુ છે પ્રમુખસ્વામીએ લોયા માં કરેલો શાકોત્સવની યાદ આજે તાજી થઈ છે.

ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલના જન્મદિને શહેરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા



ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલ પોતાની પ્રજાલક્ષી કામગીરીના કારણે ભરૂચના લોકલાડીલા ધારાસભ્ય માનવામાં આવે છે. પાછલી ૩ ટર્મ થી ચૂંટણી જંગ જીતનાર ધારાસભ્યએ ભરૂચની જનતાનું પણ દિલ જીત્યું છે ત્યારે તેમના જન્મદિવસને વધાવી લેવા ભરૂચ શહેરમાં આજે વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતાં.

ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલે જન્મદિનની ઉજવણી પ્રથમ પાંજરાપોળ ખાતે ગૌ-પૂજાપાઠ કરીને અને સ્કૂલના નાના બાળકો તથા તેમના સમર્થકો સાથે કેક કાપી હતી. ત્યાર બાદ ભરૂચના દાંડીયાબજાર વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોને આયુષ્યમાન કાર્ડનું વિતરણ પણ કર્યું હતું. બીજી તરફ સિવિલ હોસ્પિટલમાં ચાલતાં ડાયાલીસીસ સેન્ટરના ૮૦ લાખના ખર્ચે નવીનીકરણ કરીને ૭ આધુનિક ડાયાલીસીસના ઈલેક્ટ્રોનિકસ બેડ અને ટીવી મ્યુઝીક સાથેનું અત્યાધુનિક ડાયાલીસીસ સેન્ટરનું લોકાર્પણ કરીને દર્દીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.ત્યાર બાદ કલેકટર ઓફિસ પાસેના સર્કલ પર સકલ્પચરનું અનાવરણ પણ કર્યું હતું.

આ પ્રસંગે ભરૂચ નગરપાલિકાના પ્રમુખ અને સભ્યો પણ ખાસ ઉપસ્થિત રહી પોતાના ધારાસભ્ય ના જન્મ દિવસને તેમની જિંદગીનો યાદગાર જન્મ દિવસ કરવાના પ્રયત્નના સાક્ષી બન્યા હતા.

વાપીમાં હર્ક્યુલસ જિમ અને સ્પોર્ટ્સ ફેડરેશન વાપી વલસાડ દ્વારા સેકન્ડ સાઉથ ગુજરાત બોડી બિલ્ડિંગ સ્પર્ધાનું આયોજન

વાપીના વીઆઈ હોલ ખાતે હર્ક્યુલસ જિમ અને સ્પોર્ટ્સ ફેડરેશન વાપી વલસાડ દ્વારા સેકન્ડ સાઉથ ગુજરાત બોડી બિલ્ડિંગ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૨૦ પુરુષો અને ૫ મહિલાઓએ ભાગ લીધો.

વાપી અને ભરૂચ ખાતેના હર્ક્યુલસ જીમના માલીક અને સ્પોર્ટ્સ ફેડરેશન વાપી વલસાડના જનરલ સેક્રેટરી અસ્ફાક રાણા દ્વારા સતત ચોથી વાર વાપી ખાતે વીઆઈ હોલમાં બોડી બિલ્ડિંગ સ્પર્ધાનું સફળ આયોજન કર્યું હતું રવિવારે યોજાએલી બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં ભરૂચ,વાપી, વલસાડ,સુરત, દમણ, સેલવાસ, ઉમરગામ ના કુલ ૧૨૦ જેટલાં બોડી બીલ્ડર્સ ભાઈઓ અને ૫ જેટલી બહેનોએ ભાગ લીધો હતો.જેમાં ૫૫ થી ૮૫ કિલો વજન ધરાવતાં યુવકોએ પોતાના કસાયેલા શરીરને પ્રદર્શિત કર્યું હતું.

ભરૂચ અને વાપીના હર્ક્યુલસ જિમના માલીક અસ્ફાક રાણા પોતે પણ બોડિબિલ્ડિંગ સ્પર્ધામાં માસ્ટર મિસ્ટર ઈન્ડિયા રનર્સ અપ અને ૫ વર્ષ મિસ્ટર ગુજરાત રહ્યા છે. આ કાર્યક્રમ નો મુખ્ય હેતુ સમાજમાં વ્યસનમુક્તિ અને ફિટનેશ માટે જાગૃતિ વધે તે હેતુ અર્થે કર્યો હોવાનું જણાવ્યું હતું.



બોડી બિલ્ડીગ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે એફ.સી.જી કંપનીના ડિરેક્ટર દિલીપ પટેલ, નવીન પટેલ ,હિરેન પટેલ અને આમંત્રિત મહેમાન તરીકે આસિસ્ટન્ટ સેક્રેટરી એશિયન બોડી બિલ્ડિંગ એન્ડ ફિઝીક સ્પોર્ટ્સ ફેડરેશન એન્ડ WBPF ચેતન પાથરે , વીઆઈના પ્રમુખ પ્રકાશ ભદ્રા, જનરલ સેક્રેટરી સતીશ પટેલ,વેસ્ટ જોન બોડી બિલ્ડરના ઉપપ્રમુખ, વાપીના અનાવિલ અગ્રણી જવાહર દેસાઈ, જ્ઞાનગંગા સ્કૂલના ફાઉન્ડર સંદીપ પટેલ, ડીએમસીના માજી પ્રમુખ સૌકત મીઠાની તથા અસ્પી દમણિયા હાજર રહ્યા હતા, કાર્યક્રમના સ્પોન્સર તરીકે સંવેદના હોસ્પિટલ ,હોટેલ ઓરેન્જ, અવતાર ન્યુટ્રીશન ,પમ્પઅપ ન્યુટ્રીશન અને મૂન સ્ટાર હતા. મીડિયા પાર્ટનર તરીકે વાપી ટુડે ન્યૂઝ રહ્યું હતું ,વિજેતાઓને ચેક, ટ્રોફી અને પ્રોટીન્સ આપવામાં આવી હતી.

નર્મદા જિલ્લાના વિવિધ કેડરના આરોગ્ય કર્મચારીઓ બુધવારે માસ સી.એલ પર ઉતર્યા



૧૩ જેટલા પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા વિરોધ નોંધાવ્યો

રાજપીપળા : રાજ્ય આરોગ્ય મહાસંગના આદેશ મુજબ નર્મદા જિલ્લાના વિવિધ કેડરના આરોગ્ય કર્મચારીઓ બુધવારે માસ સી.એલ પર ઉતર્યા હતા.જેમાં જિલ્લાના પાંચ તાલુકાના ૪૫૦ થી વધારે કર્મચારીઓ માસ સી.એલ પર ઉતર્યા એ દિવસનો સદઉપયોગ કરવા રાજ્ય મહાસંઘના આદેશ મુજબ રચનાત્મક વિરોધ નોંધાવતા બ્લડ ડોનેશન કેમ્પનુ આયોજન કર્યું હતું .જેમાં રેડક્રોસસોસાયટી નર્મદાના સહયોગથી જિલ્લા પંચાયત નર્મદા ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું જેમાં ૫૦ થી વધુ બોટલ રક્ત આરોગ્ય કર્મચારીઓ ધ્વારા આપીને સમાજ ઉપયોગી કાર્ય કરવામાં આવ્યું સાથે સાથે તાલુકા કક્ષા એ પણ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ કરી આરોગ્યના વિવિધ કેડરના ૧૩ જેટલા પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા વિરોધ નોંધાવ્યો હતો.

અંક્લેશ્વર શહેર પો.સ્ટે.ના ગુનામાં પોલીસ ધરપકડથી નાસતા ફરતાં આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના તેમજ માર્ગદર્શન તેમજ એ.એસ.ચૌહાણની સુચના મુજબ હાલમાં નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા અંગેની ડ્રાઈવ ચાલતી હોય જેથી ભરૂચ જીલ્લામાં નાસતા ફરતા પકડવાના બાકી આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અનુસંધાને અંક્લેશ્વર શહેર પો.સ્ટે. ગુ.૨નં. ? ૧૭૬/૨૦૧૫ જુગારધારા કલમ - ૧૨(અ)મુજબના ગુનાના કામે પકડવાનો બાકી આરોપી ઝીણાભાઈ વિરસિંગભાઈ વસાવા ઉ.વ.આ-૫૮ રહે. અંક્લેશ્વર નવીનગરી ઓ.એન.જી.સી. કોલોની પાસે તા.અંક્લેશ્વર જી.ભરૂચ નાની તપાસ કરતા આરોપી ઘરે હાજર મળી આવતા આરોપીને તા.૦૬/૦૨/૧૯ નારોજ સી.આર.પી.સી. કલમ-૪૧(૧) આઈ મુજબ અટક કરી અંક્લેશ્વર શહેર પો.સ્ટે.માં વધુ કાર્યવાહી કરવા સારૂ સોંપેલ છે.



મારામારીના ગુન્હામાં વોન્ટેડ આરોપીને ઝડપી લેતી ભાવનગર એસ.ઓ.જી. પોલીસ



ભાવનગર જીલ્લામાં તથા બહારના જીલ્લામાં ગુન્હો કર્યા બાદ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા ભાવનગર જીલ્લાના પોલીસ અધિક્ષકશ્રી પી.એલ.માલ સાહેબે ખાસ ઝુંબેસ હાથ ધરેલ હોય જેના ભાગ રૂપે આજરોજ એસ.ઓ.જી. શાખાના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી ડી.ડી. પરમાર સાહેબની સુચનાથી એસ.ઓ.જી. સ્ટાફના માણસો ભાવનગર શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્ટાફના પોલીસ કોન્સ. ધર્મેન્દ્રસિંહ ગોહીલ ને મળેલ બાતમી આધારે વરતેજ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નંબર ૫૦/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, વિ. મુજબના ગુન્હાના કામે નાસતો ફરતો આરોપી હબીબભાઈ વલીભાઈ બેલીમ ઉ.વ.૫૦ રહેવાસી ખડસલીયા ગામ, તા.જી. ભાવનગર વાળાને ખડસલીયા ગામના પાટીયા પાસેથી ઝડપી પાડી આરોપી વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી વરતેજ પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે. આ કામગીરીમાં એસ.ઓ.જી.ના પોલીસ સબ ઈન્સપેકટર ડી.ડી. પરમાર સાહેબની સુચનાથી પોલીસ હેડકોન્સ. અનિરૂધ્ધસિંહ ગોહીલ તથા પોલીસ કોન્સ. ધર્મેન્દ્રસિંહ ગોહીલ તથા પ્રદીપસિંહ ગોહીલ તથા યોગીનભાઈ ધાંધલ્યા તથા ડ્રાઈવર પરેશભાઈ પટેલ જોડાયા હતા.

ભરૂચના એક ચાઈલ્ડ હોમમાંથી ગુમ થયેલા બે બાળકો પૈકી એક મોડી સાંજે મળી આવ્યો

ભરૂચના એક ચાઈલ્ડ હોમ સંસ્થાના બે બાળકો ગુમ થયાની ઘટના પ્રકાશમાં આવતા પોલીસે તત્કાલ તપાસ હાથ ધરી છે. જેમાંથી એક બાળક મોડી સાંજે મળી આવ્યો હતો.

ઘટનાની માહિતિ મુજબ ભરૂચના કુકરવાડા સ્થિત ચાઈલ્ડ હોમમાં રહી ભરૂચની એક વિદ્યાલયમાં અભ્યાસ કરતા ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ હોમના ૧૪ પૈકી બે બાળકો ધોરણ ૩ માં અભ્યાસ કરતો અને ધોરણ ૭ માં અભ્યાસ કરતા બે બાળકો શાળાએ પહોંચ્યા બાદ ક્લાસરૂમમાં બેગ મૂકી ફરાર થઈ ગયા હતા. શાળા સંચાલકો દ્વારા મામલાની જાણ ચાઈલ્ડ વેલ્ફેર કમિટીને કરવામાં આવતા સંસ્થા એ ટુકડીઓ બનાવી આસપાસના વિસ્તારો, રેલવે અને બસ, સ્ટેશનમાં બાળકોની શોધખોળ હાથ ધરી હતી.પરંતુ બાળકોનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. આખરે લાપતા બાળકો ક્યાંય મળી ન આવતા બી ડીવિઝન પોલીસનો સંપર્ક કરાયો હતો. જેમાંથી એક બાળક મોડી સાંજના મળી આવ્યો હતો.જ્યારે બીજા અન્ય બાળકને શોધવાની તપાસ ચાલુ છે.

ઉલ્લેખનીયા છે કે, ભરૂચની સામાજિક સંસ્થાએ વાલીઓના ધ્યાનના અભાવ અને આર્થિક નિર્બળતા જેવા કારણોસર બાળકોને હાંસોટ અને ભોલાવ વિસ્તારમાંથી ઉત્થાન માટે જુવેનાઈલ હોમમાં ભરતી કર્યા હતા.

ઉધના મગદલ્લા રોડ સોમા કાનજી વાડી પાસે અજાણ્યા યુવાનની હત્યા

સુરત

આજે સવારે ઉધના મગદલ્લા રોડ શનિદેવ મંદિર સામે સોમા કાનજી વાડી વિભાગ-૨ પાસે સાઈકલ સવાર યુવાન લોહી લુહાણ હાલતમાં મળતા રાહદારીઓ દ્વારા ૧૦૮ અને પોલીસને જાણ કરી હતી. મૃતક યુવકની લૂંટના ઈરાદે ચપ્પુના ઘા મારી હત્યા કરાઈ હતી હોવાની આશંકા સેવાઈ રહી છે.

ખટોદરા પોલીસ વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ઉધના મગદલ્લા રોડ સોમા કાનજી વાડી પાસે એક અજાણ્યો યુવાન લોહી લુહાણ હાલતમાં મળી આવ્યો હતો. સાઈકલ સવાર અજાણ્યા યુવકને ચપ્પુના ઘા મારતા લોહી લુહાણ હાલતમાં પડ્યો હતો. બનાવ અંગે રાહદારીઓ દ્વારકા પોલીસ અને ૧૦૮ને જાણ કરવામાં આવીછ હતી. મૃતક યુવકની ઓળખ થઈ શકી નથી સાઈકલ સવાર યુવક ઈન્ડસ્ટ્રીઝ સોસાયટીનો જ કોઈ કારખાનાનો કર્મચારી હોવાની આશંકા છે.

ગોપીપુરા સુભાષ ચોક પાસેની મિલન કટપીસ સેન્ટરમાં આગ

સુરત

આજે સવારે સાડા અગિયાર વાગ્યાના સુમારે ગોપીપુરા સુભાષ ચોક ખાતે આવેલ મીલન કટપીસ સેન્ટરમાં આગ લાગી હોગવાનો મેસેજ મળ્યો હતો. બનાવની પણ થતા જ મુગલીસરા ફાયર સ્ટેશનના અધિકારી હાર્દિક પટેલ સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા. કોઈ અગમ્ય કારણસર કાપડની દુકાનમાં આગ લાગી હોવાથી કાપડનો જથ્થો, પેપર રૂમાલનો જથ્થો, અને દફતરનો જથ્થો આગમાં સ્વાહા થઈ ગયો હતો. આગથી કોઈપણ જાનહાનિ થઈ ન હતી, પરંતુ આગથી દુકાનમાં મોટુ નુકસાન થયું હતું. આગપર ફાયરના જવાનોએ કાબૂ મેળવ્યો હતો. ગણતરીના સમયમાં આગને કાબૂમાં મેળવતા આજુબાજુના દુકાનોને આગથી બચાવવામાં સફળતા મળી હતી.

તંત્રી સ્થાનેથી...

મેક ઈન ઈન્ડિયાની ચર્ચા

કેન્દ્ર સરકારની મેક ઈન ઈન્ડિયા યોજનાને વધુ અસરકારક બનાવવા માટે જુદી જુદી પહેલ થઈ રહીછે. વચગાળાના બજેટમાં પણ આનો સંકેત આપવામાં આવ્યો છે. જો કે જાણકાર અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાંતો માને છે કે આને હજુ ગતિ આપવાની જરૂર છે. મેક ઈન ઈન્ડિયાને લઈને પ્રશ્નો વિરોધ પક્ષો કરતા રહ્યા છે. લઈને હાલમાં ચારેબાજુ ટિકા ટિપ્પણી થઈ રહી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ યોજનાને વધારે પારદર્શક અને અસરકારક બનાવે તે જરૂરી છે. આને લઈને કંપનીઓ વધારે સક્રિય થાય અને આના મારફતે જંગી રોકાણ આવે તે પણ જરૂરી છે. ટિકા ટિપ્પણીના દોર વચ્ચે સરકાર હવે મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે તૈયારી કરી ચુકી છે. જેના ભાગરૂપે ટુંક સમયમાં જ એક નીતિ લાગુ કરવામાં આવનાર છે. સરકારી સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે આ નીતિ હેઠળ સરકાર પોતાના અને ભારતીય રેલવેના ઉપયોગ માટે ભારતમાં ઉત્પાદન કરી રહેલી કંપનીઓ પાસેથી વાર્ષિક આશરે બે લાખ કરોડ રૂપિયાની ચીજવસ્તુઓની ખરીદી કરનાર છે. સંરક્ષણ સંબંધી વસ્તુઓ આ નીતિ હેઠળ આવશે નહી. ખરીદીની ચીજોની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી પરંતુ મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાની દિશામાં આને એક ઐતિહાસિક પહેલ તરીકે ગણવામાં આવે છે. અલબત્ત કોમ્પ્યુટર, મોબાઈલ, સ્ટેશનરી અને દવા ઉપરાંત સ્ટીલ અને એલ્યુમિનિયમનો ઉલ્લેખ પણ આ પ્રસ્તાવમાં રહેલો છે. આ નીતિને ગ્લોબલ સ્તર પર સંરક્ષણવાદી નિતી તરીકે ગણવામાં ન આવે તે માટે ડબલ્યુટીઓના નિયમોને સંપૂર્ણરીતે પાળવામાં આવનાર છે. ડબલ્યુટીઓમાં એવી બારી ખુલ્લી છે કે જો સરકારી ખરીદીનો ઉદ્ધેશ્ય વેપારી નથી તો સરકાર આમાં સ્થાનિક પેદાશોને વધારે મહત્વ આપી શકે છે. સુચિત ખરીદી નીતિનો ઉદેશ્ય ભારતીય કંપનીઓને ભારતમાં જ ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહન આપવાનો છે. જોરશોરથી લોંચ કરવામાં આવેલા મેક ઈન ઈન્ડિયા અભિયાનમાં હજુ સુધી પુરતા પ્રમાણમાં મુડીરોકાણ આકર્ષિત કરવામાં આવ્યુ નથી. કેટલાક રોકાણના મોટા પ્રસ્તાવ ચોક્કસ પણે આવ્યા છે પરંતુ હજુ કાગળથી બહાર પ્રોજેક્ટ નિકળી શકયા નથી. તેમના જમીની અમલમાં હજુ ચાર પાંચ વર્ષ લાગી શકે છે. જેમ કે તાઈવાની કંપની ફોક્સકોન પાંચ વર્ષમાં પાંચ અબજ ડોલરનુ રોકાણ કરવાની યોજના ધરાવે છે. રેલવેને બિહારમાં બે એન્જિન કારખાના સ્થાપિત કરવા માટે ૧૦ હજાર કરોડ રૂપિયાના વિદેશી રોકાણની રકમ એકત્રિત કરવામાં સફળતા મળી છે. પરંતુ આવી જાહેરાતોનો મતલબ એ વખતે જ સફળ ગણી શકાય છે જ્યારે જમીની સ્તર પર આવી યોજના અમલી બને. મેક ઈન ઈન્ડિયાને અપેક્ષા કરતા વધારે ગતિ મળી રહી નથી તેના માટે કેટલાક કારણો પૈકી એક કારણ એ છે કે દેશમાં જે રીતે વેપારી કારોબારી માહોલ સર્જી દેવાની જરૂર છે તેવા માહોલની રચના થઈ શકી નથી. બજારમાં નવી નવી માંગ આવે અને નિકાસમાં સતત વધારો થાય તો જ આ સ્થિતી સર્જાઈ શકે છે. હાલમાં આવી કોઈ ચીજ જોવા મળી રહી નથી.

અસરકારક યોજનાને વધારે ગતિ આપવા માટેની જરૂર ચોક્કસપણે હાલ રહેલી છે



આ સન્માન હજુ સુધી રાજનેતાઓને વધારે આપવામાં આવ્યુ છે...

સરકાર કોઈ પણ રહી હોય પરંતુ ભારત રત્ન આપવાના મામલે તમામની પ્રાથમિકતા રાજનેતાઓ રહી છે જે કેટલાક પ્રશ્ન ચોક્કસ કરે છે

ભારત રત્નના નિયમો વધુ સ્પષ્ટ થાય

તાજેતરમાં ત્રણ મોટી હસ્તી પ્રણવ મુખર્જી, નાનાજી દેશમુખ અને ભુપેન હજારિકાને ભારત રત્ન આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જો હજુ સુધી ભારત રત્ન મેળવી લેનાર હસ્તીઓ પર ધ્યાન આપવામાં આવે તો એક બાબત સાફ રીતે સપાટી પર આવે છે કે આ સન્માન હજુ સુધી મોટા ભાગે રાજનેતાઓને વધારે મળે છે. હાલમાં એક લેખમાં આ મુજબની વાત કરવામાં આવ્યા બાદ આની ચર્ચા છે. આ પ્રશ્ન પણ ઉઠાવે છે. પ્રણવ મુખર્જી અને નાનાજી દેશમુખ તો રાજનેતા તરીકે રહ્યા છે. ભુપેન હજારિકા પણ વર્ષ ૨૦૦૪માં ભાજપની ટિકિટ પર ગુવાહાટીમાંથી લોકસભા સીટ પર જીતી ગયા હતા. અમે ભારત રત્ન હાંસલ કરનાર લોકોની લાયકાતને લઈને પ્રશ્નો કરી રહ્યા નથી. આ તમામ હસ્તીઓ ભારત રત્ન મેળવવવા માટે પાત્ર છે તેમાં કોઈ બે મત નથી. સરકાર કોઈ પણ રહી હોય ભારત રત્ન આપવાના મામલે તમામ સરકારોની પ્રાથમિકતા રાજનેતાઓ રહી છે. આનાથી સંદેશ જાય છે કે આ સર્વોચ્ચ નાગરિક સન્માન પર સૌથી પહેલો અધિકાર રાજનેતાઓનો છે. ત્યારબાદ જો કોઈ વિકલ્પ રહે છે તો અન્ય ક્ષેત્રોના લોકોને આ સન્માન મળે છે. ભારત રત્ન આપવાની શરૂઆત ૧૯૫૪માં કરવામાં આવી હતી. તેના નિયમોને લઈને મોડેથી બે ફેરફાર કરવામાં આવ્યા હતા. એક ફેરફાર એ પણ કરવામાં આવ્યો કે આ સન્માન મરણોપરાંત પણ આપવામાં આવી શકે છે. પહેલા આ સન્માન કલા, સાહિત્ય, વિધાન અને જનસેવાના ક્ષેત્રમાં શાનદાર યોગદાન આપનારને આપવામાં આવતુ હતુ. હવે એક સુધારો કરીને કહેવામાં આવ્યુ છે કે આ સન્માન અન્ય તમામ ક્ષેત્રોમાં શાનદાર યોગદાન આપનારને પણ આપી શકાશે. નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા કારણ કે સરકાર સચિન તેન્દુલકર અને ધ્યાનચંદને પણ આ સન્માન આપવા માટે ઈચ્છુક હતી. જો કે ખેલ પહેલાના નિયમોમાં સામેલ ન રખાતા આને લઈને વિવાદો થયા હતા. સરકારે હોકીના જાદુગર ધ્યાનચંદને હજુ સુધી ભારત રત્ન આપ્યુ નથી પરંતુ સચિન તેન્દુલકરને વર્ષ ૨૦૧૪માં ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યુ હતુ. ભારત રત્નને લઈને હમેંશા વિવાદ થતા રહે છે. વિવાદોના કારણે અને અન્ય કેટલાક કારણસર છેલ્લા ૬૫ વર્ષથી કુલ ૩૯ વર્ષ સુધી તો આ સન્માન કોઈને આપવામાં આવ્યુ ન હતુ. કોઈ વર્ષે આ સન્માન એકને, બેને અથવા તો ત્રણને આપવામાં આવ્યુ છે. હજુ સુધી કુલ ૪૮ લોકોને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવી ચુક્યા છે. પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે માત્ર ૧૮ ભારત રત્ન હાંસલ કરનાર હસ્તીઓ જ રાજનીતિથી બહારની છે. સમાજસેવા માટે ભારત રત્ન હાંસલ કરનારમાં એક બિન ભારતીય છે જેમાં મધર ટેરેસાનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય ૩૦ રાજનેતા સાથે સંબંધિત છે. જે વ્યક્તિ બિન ભારતીય અબ્દુલ ગફાર ખાન અને નેલ્સન મંડેલા પણ સામેલ છે. રાજનેતાઓને વધારે મહત્વ આપવાની શરૂઆત પહેલાથી જ રહી છે. વર્ષ ૧૯૫૪માં પ્રથમ વખત ત્રણ ભારતીય હસ્તીઓને ભારત રત્ન આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં સી. રાજહોપાલચારી, એસ. રાધાકૃષ્ણન અને વૈજ્ઞાનિક સીવી રમનનો સમાવેશ થાય છે.સામાન્ય રીતે જોવામાં આવે તો હજુ સુધી રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, ગૃહ પ્રધાન અને મુખ્યપ્રધાન પદ પર રહેલા ૨૦ વ્યક્તિને આ સન્માન મળી ચુક્યુ છે. એપીજે અબ્દુલ કલામને ભારત રત્ન તેમના રાષ્ટ્રપતિ બનવાથી આશરે પાંચ વર્ષ પહેલા જ મળી ગયુ હતુ. તેમના અંતરિક્ષના ક્ષેત્રમાં શાનદાર યોગદાન બદલ સન્માન મળ્યુ હતુ. અટલ બિહારી વાજપેયીને આ સન્માન એ વખતે મળ્યુ હતુ જ્યારે તેઓ પદ પર ન હતા.

ઈન્દિરા ગાધી અને જવાહર લાલ નહેરુને પદ પર રહેતી વેળા આ સન્માન આપવામાં આવ્યુ હતુ. સર્વોચ્ચ સન્માનની પાત્રતા, અવધિ અને અન્ય પાસા પર સતત ચર્ચા થતી રહે છે. સાથે સાથે આને લઈને નિયમો વધારે સ્પષ્ટ કરવામાં આવે તેવી કેટલાક નિષ્ણાંત અને જાણકાર લોકોની માંગ રહી છે.

બ્રેઈન સ્ટ્રોક ઘાતક બની શકે

સલાહ : શરૂઆતની સારવાર આદર્શ બને છે



બ્રેઈનસ્ટ્રોકને લઈને લોકોની પાસે પુરતા પ્રમાણમા માહિતી હોતી નથી. પરંતુ જાણકાર લોકો અને બ્રેઈન સ્ટ્રોક તેમજ અન્ય ન્યુરો સાથે સંબંધિત તકલીફના નિષ્ણાંત તબીબો કહે છે કે બ્રેઈન સ્ટ્રોક થવાની સ્થિતીમાં શરૂઆતના ચાર કલાક ખુબ ઉપયોગી હોય છે. આ ચાર કલાકના ગાળામાં જ જો હોસ્પિટલમાં પહોંચી જવામાં સફળતા મળે તો લકવાની અસરને ટાળી શકાય છે. તબીબો કહે છે કે બ્રેઈન સ્ટ્રોકના કેસમાં ચાર કલાકનો ગોલ્ડન પીરિયડ હોય છે. આ ગાળા દરમિયાન જો દર્દીને સારવાર મળી રહે તો તે કેટલીક હદ સુધી લકવાની અસરમાંથી પરત આવી શકે છે. કલાકોના ગાળામાં હોસ્પિટલ પહોંચી ગયેલા અને સ્વસ્થ થયેલા લોકોના કેટલાક દાખલા રહેલા છે. અપોલો હોસ્પિટલના ન્યુરોલોજિસ્ટ વિનીત કહે છે કે ઈન્ટ્રાવીનસ એક એવી દવા છે જેનો ઉપયોગ જો સ્ટ્રોકના હુમલા થયા બાદ ચાર કલાકની અંદર કરી લેવામાં આવે તો તેનાથી ફાયદો મળે છે. આદવા આપવાથી પણ નસો બ્લોક થઈ જાય છે તે ૩૦ મિનિટની અંદર ખુલી જાય છે. વિનીત કહે છે કે ચિંતાની વાત એછે કે આ દવા દેશમાં વર્ષ ૧૯૯૪થી મળી રહી છે. જો કે જાગરૂકતાના અભાવના કારણે માત્ર બે ટકા લોકો સુધી જ દવા પહોંચી શકે છે. મિનિટોના ગાળામાં સારવાર મળવાથી વધુ ફાયદો થાય છે. દવાની સાથે બ્લોકેજ ન ખુલે તો સ્ટેન્ટનો ઉપયોગ કરીને પણ આ સારવાર આપવામાં આવે છે. તબીબો કહે છે કે જો દવાથી નસો ન ખુલે તો સ્ટેન્ટનો ઉપયોગ કરીને સારવાર આપવાથી તરત લાભ થઈ જાય છે.

૧૦૦માં જ પેન્શન મળે તો વાંધો શુ છે

બજેટમાં પ્રથમ વખત સામાજિક સુરક્ષા મળી રહી છે જે મોટી વાતઃ નરેન્દ્ર મોદી સરકારનુ વચગાળાના બજેટ અનેક રીતે રાહત આપે છે : જાહેરાતોને અમલી કરવામાં અનેક પડકારો ચોક્કસપણે આવશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે તેની વર્તમાન અવધિનુ અંતિમ વચગાળાનુ બજેટ હાલમાં રજૂ કરીને તમામ વર્ગને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા છે. ટોપના અર્થશાસ્ત્રીઓ અને ઉદ્યોગપતિઓ તેમજ સામાન્ય વર્ગ પણ માને છે કે ખુબ મહેનત સાથે આ બજેટ તૈયાર કરવામાં આવ્યુ છે. આ બજેટમાં તમામ સારી બાબતો નજરે પડે છે. ભારતના વિશાળકાય અસંગઠિત ક્ષેત્રના કામદારોને કોઈ સામાજિક સુરક્ષા મળતી નથી અને કોઈ બેરોજગારી ભથ્થા પણ મળતા નથી. આવી સ્થિતીમાં જો માત્ર ૧૦૦ રૂપિયા પ્રતિ મહિનાની નાનકડી રકમ મારફતે જો તેમને પેન્શન મળી શકે છે તો તેમાં વાંધો શુ છે. દેશમાં સંપત્તિને લઈને રોકાણકારોના લાલચને તમામ લોકો સારી રીતે સમજે છે. સરકારે સમય સમય પર રોકાણકારોના વલણને બીજી તરફ વાળવાના પ્રયાસો પણ કર્યા છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી લાગે છે કે એનડીએની નીતિમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. સરકારના આ વચગાળાના બજેટમાં પણ આવાસ ખરીદવા માટે ઈચ્છુક લોકોને અનેક ભેંટ આપવામાં આવી છે. બજેટ કેટલીક રીતે રાહત આપે છે. પરંતુ તેને અમલી કરવામાં તકલીફ પણ આવનાર છે. જેન અવગણના કરી શકાય તેમ નથી. પહેલી નજરમાં તો આ લોકોને પ્રભાવિત કરનાર બજેટ લાગે છે. જો કે ધ્યાન આપવા લાયક બાબત એ છે કે આ બજેટમાં રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવ એનડએની નિતીમાં યોગ્ય લાગતા નથી. આનાથી પણ મોટી બાબત એ છે કે આગામી કેન્દ્ર સરકાર માટે બજેટના આ લોકપ્રિય પ્રસ્તાવને અમલી કરવા માટેની બાબત મુશ્કેલરૂપ બની શકે છે. બજેટ પ્રસ્તાવમાં ઉંડા અભ્યાસ કરવામાં આવ્યા બાદ જાણી શકાય છે કે તે મતદાતા અને રોકાણકારો બંનેને પ્રભાવિત કરનાર બજેટ છે. એનડીએની સરકારે પોતાના પાંચ વર્ષના ગાળામાં મુશ્કેલથી કોઈ કરવેરામાં રાહત આપી છે. આવી સ્થિતીમાં આવકવેરા મુક્તિ મર્યાદાને સીધી રીતે ૨.૫૦ લાખ રૂપિયાથી વધારીને માંગ લાખ રૂપિયા કરવાન બાબતત પડકારરૂપ છે. પરંતુ અહીં સરકારે નાક સીધી રીતે પકડી લેવાના બદલે કેટલીક અલગ રીતે પકડીને કેટલાકનો

ટુક્કિમાં મુકી દીધા છે. આવકવેરામાં છુટછાટનો અર્થ એ છે કે આ એવા લોકોને મળશે જે લોકોની આવક પાંચ લાખ રૂપિયા સુધીની છે. અથવા તો ૬.૫ લાખ છે જે કલમ ૮૦સી હેઠળ આવનાર રોકાણ પણ છે. આનાથી વધારાની આવકવાળા લોકો નિયમિત રીતે પહેલાની જેમ ટેક્સ આપતા રહેશે. સવાલ એ થાય છે કે કરદાતાની સામે આ દુવિધાભરેલી દરખાસ્ત મુકવા પાછળના કારણ શુ છે તો આનો જવાબ છે કે સરકાર એકબાજુ કરદાતા પ્રત્યે હળવુ વલણ અપનાવી રહી છે બીજી બાજુ કરદાતા પાસેથી ઈમાનદારી પૂર્વક ટેક્સ લેવા માટે ઈચ્છુક છે. વધુને વધુ લોકો ટેક્સ ચુકવવા માટે આગળ આવે તે સમયની માંગ છે. છેલ્લા ચાર નાણાંકીય વર્ષોના ગાળા દરમિયાન કરદાતાની સંખ્યા આશ્ચર્યજનક રીતે વધીને ૩.૭૯ કરોડથી વધીને ૬.૮૫ કરોડ થઈ ગઈ છે. આની ક્રેડિટ કઠોર નિયમ અને નોટબંધીના કારણે અસર થઈ છે. સરકાર આ નવા કરદાતાને કોઈ પણ કિંમત ગુમાવી દેવા માટે તૈયાર નથી. સામાન્ય લોકોને એક અન્ય ફરિયાદ મોદી સરકારથી એપણ હતી કે સરકારે પણ અન્ય સરકારોની જેમ જ જનતાની ઔપચારિકતા પૂર્ણ કરવાની ફાઈલ દબાવી દીધી છે. આના પર ધ્યાન આપીને સરકારે રિટર્ન દાખલ કરવા માટેની પ્રક્રિયાને ૨૪ કલાકમાં પૂર્ણ કરવાની સાથે સાથે ચકાસણી સંપૂર્ણ ઈલેક્ટ્રોનિક બનાવી દીધી છે. આ બજેટમાં ટીડીએસની મર્યાદા ૧૦૦૦૦ રૂપિયાથી વધારીને ૪૦૦૦૦ રૂપિયા વાર્ષિક કરી દેવામાં આવી છે. આ રાહત નાના બચતદારો અને વરિષ્ઠ નાગરિકો બંને માટે ફાયદાકારક છે. આના કારણે કરવેરા યોગ્ય આવક સીમા મર્યાદાને ફાયદો થનાર છે. આના કારણે પેન્શરોને ટીડીએસ કપાવી દેવા માટે બેંક અને પોસ્ટ ઓફિસના ચક્કર લગાવવા પડશે નહીં. તમામ લોકો સારી રીતે જાણે છે કે ટીડીએસ કપાવતા કરદાતાના સીબીડીટી દ્વારા રજૂ કરવામાં આવતા કરવેરા આધારમાં ઉલ્લેખનીય યોગદાન રહે છે. નવેસરની બજેટ જોગવાઈમાં અસંગઠિન ક્ષેત્રના ૧૫૦૦૦ રૂપિયા માસિક કમાણી કરનાર લોકોને માટે કેટલીક જાહેરાત કરવામાં આવી છે. ૧૦ કરોડ લોકોને ૩૦૦૦ રૂપિયાની પેન્સન આપવાની દરખાસ્ત છે. ઉલ્લેખનીય છે કે જો સરકાર માત્ર ૧૦૦ રૂપિયા પ્રતિ માસ જમા કરીને પેન્સન સ્કીમ આપી રહી છે તો તેમાં વાંધો શુ છે. આ યોજના માટે ૫૦૦ કરોડ મુકાયા છે.

ઘર ખરીદનારને પણ રાહતો

મોદી સરકારે આ બજેટમાં પણ આવાસ ખરીદવા માટે ઈચ્છુક લોકોને અનેક ભેંટ આપી છે. પોતાની આવાસીય સંપત્તિ વેચી દેવામાં આવ્યા બાદ જો કોઈ કરદાતા બે મકાન પણ ખરીદે છે તો તેને કેપિટલ ગેઈન કરવેરામાં રાહત મળશે. આ પ્રકારે કેપિટલ ગેનમાંથી મુક્ત કરવેરા રકમ આશરે બે કરોડ રૂપિયા સુધીની છે. બીજી ઉપયોગી બાબત બજેટમાં એ છે કે કરદાતાઓને પોતાના ઘરથી થનાર વાર્ષિક આવકને શુન્ય દર્શાવવા માટેની રાહત મળશે. ત્રીજી બાબત એ છે કે રિયલ એસ્ટેટ ડેવલપર્સને ભાડા પર કરવેરામાં એકના બદલે બે વર્ષની છુટછાટ આપવામાં આવનાર છે. સ્વાભાવિક છે કે આ તમામ જાહેરાતના કારણે એકબાજુ ઘર ખરીદવા માટે ઈચ્છુક લોકોને પ્રોત્સાહન મળનાર છે. બીજી બાજુ રિયલ એસ્ટેટ કારોબારીને વેચાણલાયક સંપત્તિ ન વેચાઈ જવાની સ્થિતીમાં ભારે નાણાંકીય બોજનો સામનો કરવો પડશે નહીં. આ ઉપરાંત જીએસટીના પુનરાવલોકનની દરખાસ્ત પણ સ્વાગતરૂપ છે. આના વ્યાપક પ્રભાવ અર્થતંત્ર માટે ખુબ અસરકારક રહેનાર છે. સરકારને પોતાના કર્મચારીઓને સુનિશ્ચિત પેન્સન યોજનાથી જોડવા માટે ભારે મહેનત કરવી પડી હતી. વર્ષ ૨૦૧૪ બાદ સરકારી સેવામાં આવનાર કર્મચારીઓએનપીએસ સાથે જોડાઈ રહ્યા છે. આના કારણે ભારે ભરખમ પેન્શન ફંડમાં કેટલીક રાહત તો ચોક્કસપણે મળી છે. બજેટમાં જાહેર કરવામાં આવેલી જોગવાઈ ખુબ સારી છે. તેમને અમલી કરવામાં હવે કેટલીક સમસ્યા અને પડકારો આવી શકે છે.

એગ્રેસિવ બ્રેસ્ટ કેન્સર ઠીક થઇ શકે



બ્રેસ્ટ કેન્સરની સારવારમાં અમેરિકી વૈજ્ઞાનિકોએ એક નવી સફળતા હાંસલ કરી લીધી છે. વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે ખરાબ રીતે ફેલાઈ ચુકેલા બ્રેસ્ટ કેન્સરને પણ ડ્રગ કોમ્બિનેશનની સાથે ડોક્સોરયુબિસીન અને સાઈક્લોફોસ્ફેમાઈડ કિમોથેરાપી મારફતે રોગીને રાહત મળી શકે છે. અમેરિકાની યુનિવર્સિટી ઓફ કેન્સાસ કેન્સર સેન્ટરના તબીબ ડોક્ટર પ્રિયંકા શર્મા અને તેમની ટીમ દ્વારા ૨૦ વર્ષ જુના ટ્યુમર પર આ ખાસ શોધ કર્યા બાદ તેના તારણ જારી કર્યા છે. જેમાં જાણવા મળ્યુ છે કે જુના ટિશ્યુમાં આ દવા વધારે સારી રીતે કામ કરે છે. ૨૫ ટકા વધારે ખતરનાક ટ્યુમરને પણ અથવા તો બ્રેસ્ટ કેન્સરને પણ આના કારણે ઠીક કરી શકાય છે. શોધમાં જાણવા મળ્યુ છે કે ૬૭ ટકા ટ્રિપલ નેગેટિવ બ્રેસ્ટ કેન્સરથી ગ્રસ્ત દર્દી પણ આના કારણે રિકવર થઇ શકે છે. આ રિસર્ચ ઓક્સફોર્ડ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત ઓનોલ્સ ઓફ ઓન્કોલોજીમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. એગ્રેસિવ બ્રેસ્ટ કેન્સરની સારવાર પણ શક્ય છે તે બાબત હવે સાબિત થતા તમામ દર્દીઓને મોટી રાહત થઇ શકે છે. જુદા જુદા કારણોસર બ્રેસ્ટ કેન્સર થઇ શકે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ગર્ભનિરોધક ગોળીઓથી મહિલાઓને સ્તન અને ગર્ભાશય સાથે સંબંધિત કેન્સર થવાનો ખતરો વધી જાય છે. ઓસ્ટ્રેલિયાની નેશનલ યુનિવર્સિટી (એએમયુ) દ્વારા તાજેતરમાં જ જારી કરવામાં આવેલા એક આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ઈન્જેક્શન મારફતે આપવામાં આવતી દવા અને ગર્ભનિરોધક ગોળીઓ પર જોહાનીસબર્ગ સ્થિત નેશનલ હેલ્થ લેબોરેટરી સર્વિસના માગરિટ અર્બન અને એએનયુના એમીલી બેંક્સના નેતૃત્વમાં નિષ્ણાંતોની એક ટીમે અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરી હતી. અભ્યાસ બાદ જાણવા મળ્યું કે ગર્ભનિરોધક દવાઓથી મહિલાઓમાં સ્તન કેન્સરનો ખતરો વધારે રહે છે. બેંક્સના જણાવ્યા મુજબ અભ્યાસના પૂર્વ તારણોના આધાર પર ઘણી બાબતો સપાટી ઉપર આવી છે. આમા જાણવા મળ્યું છે કે ગર્ભનિરોધક ગોળીઓ લેનાર મહિલાઓને કેન્સરનો અસ્થાઈ ખતરો રહે છે. તેમને એમ પણ કહ્યું છે કે અભ્યાસના જુદા જુદા તારણોને પણ આમા ધ્યાનમાં લેવામાં આવ્યા છે. આમા જાણવા મળ્યું છે કે ઈન્જેક્શન મારફતે આપવામાં આવતા હારમોન આધારિત ગર્ભનિરોધક પણ આવી જ રીતે કેન્સરનો ખતરો વધારે છે જેવી રીતે ખતરો ગર્ભનિરોધક દવાઓથી થાય છે. હકીકતમાં સમયની સાથે સાથે બદલાવની જરૂર ઊભી થઈ છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ક્યારેય પણ આ પ્રકારની દવાઓનો ઉપયોગ નહીં કરનાર મહિલાઓની સરખામણીમાં ઈંજેક્શન અથવા તો ગર્ભનિરોધક દવાઓ લેનાર મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાની સંભાવના ૧.૭ ગણી વધી જાય છે. જ્યારે ગર્ભાશય સાથે સંબંધિત કેન્સરની શક્યતા ૧.૪ ગણી વધી જાય છે.બીજી બાજુ વૈજ્ઞાનિકોએ એક એવું સાધન વિક્સાવવામાં સફળતા મેળવી છે જે સ્તન કેન્સરના ટેસ્ટને પીડા વગર બનાવી દેશે. વૈજ્ઞાનિકોએ આના માટે ક્લિનિકલ ટેસ્ટની મંજૂરી પણ મેળવી લીધી છે. આવનાર સમયમાં સ્તન કેન્સરથી ગ્રસ્ત મહિલાઓને મોટી રાહત મળી શકે છે. પરંપરાગત મેમોગ્રામની સરખામણીમાં આ થર્મલ સ્કેન ટેસ્ટની પ્રક્રિયા વધુ અતિઆધુનિક છે. આમા ખર્ચો પણ ઓછો છે. સૌથી મોટી ચીજ એ છે કે સ્તન કેન્સર ટેસ્ટ પીડા મુક્ત રહેશે. ઉપરાંત આની અન્ય એક વિશેષતા એ છે કે તે રેડિએશન ફ્રી રહેશે. સાથે સાથે ઓછા ખરચાળ તરીકે પણ સાબિત થશે. મેમોગ્રામની પ્રક્રિયા પીડાજનક હોવાની ઘણા લોકો વાત કરી ચુક્યા છે. આ ઉપરાંત એક્સરેના કારણે રેડિએશનનો ખતરો રહે છે. મેમોગ્રામનો ખર્ચ ૧૨૦૦ અને ૨૦ હજાર વચ્ચેની આસપાસ છે. જ્યારે થર્મલ સ્કેનનો ખર્ચ માત્ર ૫૦૦ રૂપિયા છે. ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા આને મંજુરી આપી દેવામાં આવી છે. દેશભરમાં છ કેન્સર હોસ્પિટલમાં ૧૮ હજાર મહિલાઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં આના પરિણામ ખૂબ સારા મળ્યા છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી (મદ્રાસ)માં વૈજ્ઞાનિકો અને વિજય હેલ્થ સેન્ટરના રેડિયોલોજીસ્ટ દ્વારા કરવામાં આવેલા આ સાધનમાં ઘણી સુવિધાઓ રહેલી છે. થર્મલ એનર્જીની બોલબાલાની વાત થઈ રહી છે. મેમોગ્રાફીમાં કેટલીક અડચણ રહેલી છે. આના કારણે દુખાવો પણ થાય છે. મળેલી માહિતી મુજબ રેડિએશનની અસર પણ નવા સાધનમાં રહેલી નથી. દરમિયાન દરેક વખતે રેડિઓલોજીસ્ટ સંદીપ જેયપુરકર કેન્સરને વહેલીતકે શોધી કાઢવા માટે વાર્ષિક સ્તન સ્ક્રીનિંગ કરાવવા મહિલાઓને અનુરોધ કરે છે. તેમનું કહેવું છે કે વહેલીતકે લક્ષણ દેખાઈ આવાની સ્થિતિમાં સારવાર સરળ રહે છે. મહિલાઓનું કહેવું છે કે મેમોગ્રાફી એક ખાસ પ્રકારની એક્સરે સ્કિનિંગ છે. જેમાં સ્તનની એક્સરે સ્કિનિંગ કરવામાં આવે છે. આ ખૂબ જ પિડાદાયક હોય છે. સ્કિનિંગને અસરકારક, સસ્તી અને પીડામુક્ત બનાવવા માટે એક સાધન વિક્સાવવા ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાં વૈજ્ઞાનિકોએ શોધ હાથ ધરી હતી.

૨૦ વર્ષ જુના ટ્યુમર પર શોધ કરીને દાવો કરતા નવી આશા...

૨૫ ટકા વધારે ખતરનાક બ્રેસ્ટ કેન્સરને પણ ઠીક કરી શકાય છે તેવા પ્રાથમિક તારણ પણ તબીબો પહોંચ્યા : વધારે નક્કર પ્રયોગ જરૂરી રહેશે

બજેટમાં પ્રથમ વખત યોજનાના અમલીકરણ માટે સ્પષ્ટ યોજના છે...

નાણાંકીય શિસ્તથી જાહેરાતો પૂર્ણ થશે

ચૂંટણી વર્ષમાં સરકારે બજેટમાં ભેંટ સોગાદોનો વરસાદ કરી દીધો છે. આ બજેટમાં ભેંટ આપવામાં કોઈ કરકસર કરવામાં આવી નથી. મોદી સરકારે તમામ માટે કોઈને કોઈ જાહેરાત કરી છે. આના કારણે રાજકોષીય ખાદ્યને ઘટાડી દેવા માટે વધારે સાર્થક પગલા લેવાની જરૂર પડશે. વધારે નાણાંકીય શિસ્ત જાળવી રાખીને ઘોષણાઓને અમલી કરી શકાશે અને લોકોને તમામ યોજનાના લાભ આપી શકાશે. જો કે ખુબ શિસ્ત આના માટે જરૂરી રહેશે., સરકારના એમટીએફપી દસ્તાવેજમાં આપવામાં આવેલી માહિતી મુજબ તેનુ એક કારણ જીએસટી છે. જીએસટીના કારણે એકબાજુ ઉભા થયેલા નકારાત્મક માહોલને પણ ધ્યાનમાં લઈને કેટલીક પહેલ કરવામાં આવી છે. આના કારણે પરોક્ષ કરવેરા સંગ્રહ અને કૃષિ ક્ષેત્ર પર માઠી અસર થઈ છે. જેના કારણે કૃષિમાં આવક સહાય યોજના લાવવાની ફરજ પડી છે. એક ચોંકાવનાર તથ્ય એ છે કે લોક લોન અને જીડીપી રેશિયો ૪૯.૯ ટકાથી ઘટીને ૪૭. ૩ ટકા થઈ ગયો છે. વર્ષ ૨૦૧૯-૨૦ માટે રાજકોષીય ખાદ્યને ઘટાડીને ૩.૪ ટકા કરી દેવાની વાત કરવામાં આવી છે. આ અનેક ઘટક પર આધારિત છે. જેમ કે ૯૦૦૦૦ ખરીદ રૂપિયાના રોકાણ પણ છે. આશરે ૨૦૦૦૦ કરોડ રૂપિયાની કમીના કરાણે આ લક્ષ્ય હાંસલ કરવાની બાબત મુશ્કેલરૂપ હોઈ શકે છે. એક અંદાજ એ પણ છે કે ચાલુ નાણાંકીય વર્ષમાં ૫.૦૪ કરડ રૂપિયાના સીડીએસટીની સામે ૬.૧ લાખ કરોડ રૂપિયાના સીજીએસટી રકમ અમલી કરી શકાય છે. વર્ષ ૨૦૧૮-૧૯ની વર્ષ ૨૦૧૯-૨૦ વચ્ચે જીડીપમાં નજીવો ઘટાડો એટલે કે તે ૧૨.૩ ટકાથી ઘટીને ૧૧.૫ ટકા થવાની આશંકા રહેલી છે. જીએસટીના દરોમાં ફેરફારના કારણે આ અંદાજ મુકવામાં આવ્યો છે. બજેટની બે મોટી જાહેરાત છે. જેમાં ખેડુતોની આવકને વધારી દેવા માટે સહકાર અને આવકવેરા સ્લેબમાં વધારો મુખ્ય જાહેરાત છે. આવક સહાયતાનો બોજ ચોક્કસપણે અસર કરી શકે છે. પરંતુ આવકવેરા સ્લેબના પ્રસ્તાવથી કોઈ અસર થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ખેડુતોની આવક સંબંધી જાહેરાતોના અમલીકરણને લઈને અસર થઈ શકે છે. કારણ કે કેટલાક રાજયોમાં જયાં જમીનના રેકોર્ડ હજુ સુધી વ્યવસ્થિત કરવામાં

બજેટમાં સૌથી મોટો પડકાર હમેંશા ઘોષણાની લોકપ્રિયતા અને વ્યવહારિકતામાં સંતુલનને લઈને હોય છે જે આ વખતે દેખાય છે

આવ્યા નથી ત્યાં તેના અમલીકરણ પર અસર થઈ શકે છે. કારણ કે તેને નવી સરકારની જવાબદારી પર છોડી દેવામાં આવ્યા છે. બજેટમાં આધારભુત માળખામાં વધારો ખુબ ઓછો રાખવામાં આવ્યો છે. આના માટે નાગરિક ઉડ્ડયન, બંદર જેવા ક્ષેત્રમાં ફાળવણી ઘટાડી દેવામાં આવી છે. આ બજેટમાં રાજકોષીય ચિત્રને વધારે મજબુત કરવા માટે સતત પગલા લેવાની જરૂર પડશે. બીજી બાજુ બજેટમાં જાણકાર લોકોના કહેવા મુજબ લોકપ્રિયતા અને વ્યવહારિતામાં તાલમેળ બેસાડી દેવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. બજેટમાં સૌથી મોટી બાબત અને પડકાર લોકપ્રિયતા અને વ્યવહારિતા વચ્ચે તાલમેળને લઈને હોય છે. જો કે આ વખતે આ બાબતનુ ધ્યાન રાખવામાં આવ્યુ છે. એટલે કે લાંબા ગાળા બાદ પ્રથમ વખત બજેટમાં જાહેર કરવામાં આવેલી યોજનાને અમલી કરવાને લઈને પણ સ્પષ્ટ યોજના રાખવામાં આવી છે. ગ્રામીણ વિસ્તાર પર બજેટમાં ધ્યાન કેન્દ્રિત કરીને યુનિવર્સલ બેઝિક ઈનકમની જેમ ૭૫ હજાર કરોડની યોજના જાહેર કરી છે. આ યોજનાથી ૧૨ કરોડ ખેડુત પરિવારને સીધો ફાયદો થનાર છે. અસંગઠિત ક્ષેત્રના કામગારો માટે પેન્શન યોજના જાહેર કરવામાં આવી છે. જેના કારણે સામાજિક સુરક્ષા ઉભી થશે. આવકવેરા મુક્તિ મર્યાદા ૨.૫ લાખથી વધારીને પાંચ લાખ કરવામાં આવી છે. આના કારણે આશરે ત્રણ કરોડ કરદાતાઓના ૧૮૫૦૦ કરોડની બચત થશે. સ્ટાન્ડર્ડ ડિડેક્શન ની મર્યાદા વધારી દેવામાં આવ્યા બાદ નોકરિયાત વર્ગની આવકમાં વધારો થશે. બજેટમાં અન્ય એક મોટી જાહેરાત મંદીમાં રહેલા રિયલ એસ્ટેટ સેક્ટરને લઈને કરવામાં આવી છે. ડિસઈન્વેસ્ટમેન્ટ મારફતે ૯૦ હજાર કરોડ રૂપિયા લક્ષ્ય છે. જે હાંસલ નહીં થવાની સ્થિતીમાં અન્ય ક્ષેત્રોમાં તેની અસર દેખાશે. બજેટમાં પગારદારથી લઈને મધ્યમ વર્ગને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. પગારદાર વર્ગ માટે ગ્રેજ્યુએટી પેમેન્ટ પર મોટા લાભની જાહેરાત કરવામાં આવી છે. સાથે સાથે અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોની આર્થિક સુરક્ષા માટે ખાસ જાહેરાતો કરવામાં આવી છે. વચગાળાના નાણામંત્રી પીયુષ ગોયલે બજેટ રજૂ કરતા શ્રેણીબદ્ધ જાહેરાતો કરી હતી. તેમણે કહ્યું હતું કે, કર્મચારીના નેશનલ પેન્શન સિસ્ટમ અથવા એનપીએસના સરકાર તરફથી ૧૪ ટકાનું યોગદાન આપવામાં આવશે.

રેલ્વેને વધુ સેફટી સાથે તૈયાર કરાય તો અકસ્માત ટાળી શકાય

કેટલાક સમાચારને આપણે કેટલી સાહજિકતાથી લઈ રહ્યા છીએ. એમાંય ખાસ કરીને અકસ્માત, રેલવે અકસ્માત, આતંકવાદી હુમલાઓની ખુવારી જાણે કે કોઠે પડી ગઈ છે. લોકોની ચામડી એટલી જાડી થઈ ગઈ છે કે માનવ જાનહાનિના અહેવાલથી રુંવાડું પણ ફરકતું નથી.

રેલવે અકસ્માતો આમાંના એક છે જે અવારનવાર અખબારો-ટેલિવિઝન પર ચમકે છે, પરંતુ લોકો એને નજરઅંદાજ કરતા થઈ ગયા છે. રેલવે સત્તાવાળાઓ, સરકાર મૃત્યુ પામનારાઓને માટે રકમની જાહેરાત કરે. થોડા આશ્વાસનો ઠાલવે. બસ, એમનું કામ પૂરું. ફરી પાછી ટ્રેનો દોડવા લાગે. જનજીવન ધબકવા લાગે.

સરકાર એના પક્ષે રેલવેની સલામતી માટે, પ્રવાસીઓની સુરક્ષા કાજે પગલાં લે છે, આમ છતાં રેલવે અકસ્માતો બંધ થતા નથી એ પણ હકીકત છે. છેલ્લાં ચાર વર્ષમાં ટ્રેનોની સેફટી માટે રૂ. ૨.૩૨ લાખ કરોડનો ખર્ચ થયો છે. આ આંકડો નાનોસૂનો નથી, પરંતુ એની સામે છેલ્લાં ચાર વર્ષમાં થયેલાં રેલવે અકસ્માતોની સંખ્યા પણ નાની નથી. એમાં મરણને શરણ થયેલાઓનો આંકડો પણ મોટો જ છે. છેલ્લાં ચાર વર્ષમાં ૩૨૮ રેલવે એક્સિડેન્ટ થયા છે. મરણનો આંકડો ૨૬૪ અને ઈજાગ્રસ્તોની સંખ્યા ૮૧૫ થઈ છે. રેલવેએ મરનારાના આમજનોને અને ઘાયલ પ્રવાસીઓને કરોડોનું વળતર ચૂકવ્યું છે.

તાજેતરમાં બિહારમાં ટ્રેન ખડી પડી એમાં છ જણના મોત થયાં એને પગલે આ આંકડા તાજા થયા. આ આંકડા જોતા એવું સ્પષ્ટ બને છે કે માનવ જીવની આપણા દેશમાં કોઈ કિંમત નથી. આપણી ત્વચા એટલી બરછટ થઈ ગઈ છે કે લોકો - નિર્દોષ લોકોના અકસ્માતે જીવ જાય તો સરકારી તંત્ર અને તેના સંબંધિત અધિકારીઓનો જીવ જરાય બળતો નથી. મરનારાઓના કુટુંબીઓ સિવાય ભાગ્યે જ કોઈને ફરક પડે છે. સરકાર બુલેટ ટ્રેન શરૂ કરે એ વિકાસશીલ-પ્રગતિશીલ પગલું છે. વધુને વધુ મેટ્રો દોડે, વેલકમ છે. પ્રગતિ થવી જ જોઈએ, પરંતુ જે ટ્રેનો દોડી રહી છે, જે પાટાઓ છે એની સેફટી કેમ જળવાતી નથી અથવા તો એની વધુને વધુ સારી રીતે જાળવણી કેમ થઈ નથી રહી? આટઆટલા નાણાં ખર્ચાય છે, તે શેના માટે?

બીજા કોઈ દેશમાં રેલવે અકસ્માત થયો હોય અને લોકોએ જીવ ખોયા હોય ને તો સરકારે જવાબ દેવો મોંઘો થઈ પડે. મૃત્યુ પામનારના સગાઓ સત્તાવાળાઓ પર કેસ ઠોકી દે અને તેમને જેલ ભેગા કરે છે. સરકાર સુધ્ધાં ઉથલી જાય. કમભાગ્યે આપણા દેશમાં આપણા સત્તાવાળાઓને સત્તા ગુમાવવાનો કોઈ ભય નથી. અને માણસોના-નાગરિકોના જીવનું કોઈ મૂલ્ય રહ્યું નથી. લોકો જાણે કીડી-મંકોડાની જેમ જન્મે છે અને તેની જેમ મરે છે. કોને પડી છે?! આપણે રેલવેના પ્રવાસીઓની સિક્યોરિટી અને સેફટી માટે કેટલા ઉદાસીન છીએ એનું એક ઉદાહરણ એ છે કે મોટાભાગે રેલવે અકસ્માત વખતે કામ લાગે એવી યંત્રણાઓ-સુવિધાઓ કે સજ્જતા નથી. આગ લાગે ત્યારે કૂવો ખોદવા નીકળીએ છીએ. અકસ્માતની જગ્યાએ એમ્બ્યુલન્સો કે ફાયરબ્રિગેડ પહોંચે તે પહેલાં નજીકના ગામવાસીઓ દોડીને બચાવ કાર્ય શરૂ કરી દે છે. રેલવે પાસે નાણાંની અછત નથી, ઈચ્છાશક્તિનો કે દૂરંદેશીનો અભાવ છે. જરૂર છે આ અભાવને દૂર કરવાની. જરૂરત છે લોકોના જીવનું મૂલ્ય સમજવાની. કોઈપણ રાજ્યનો કોઈપણ જિલ્લાનો, કોઈપણ કસબાનો કે કોઈપણ જાતિનો માણસ હોય. એ રેલવે પર વિશ્વાસ મૂકીને યાત્રા કરે છે. એની સલામતીની જવાબદારી સૌ પ્રથમ રેલવેની એટલે કે સરકારની છે. રેલવે અકસ્માતના અહેવાલોને સાવ સામાન્ય ન્યૂઝમાં ખપાવીને તેને થોડી ક્ષણોમાં વિસારી દેવાથી સરકારી તંત્રોની જડતા-લાગણી શૂન્યતા જ બહાર આવે છે. રેલવે અકસ્માતમાં મૃત્યુ પામનારાના કુટુંબને વળતરના નાણાંની જરૂરત નથી. ઈજાગ્રસ્તો નાનકડી રકમથી ખુશ થતા નથી-એ સરકારે સમજી લેવાની જરૂર છે. રેલવે સેફટી માટે ખર્ચાતા નાણાંનો વધુ સારો ઉપયોગ કરીને ભવિષ્યમાં જાનલેવા અકસ્માત ન સર્જાય એની તકેદારી લેવી એ જ મોટું ઉપકારક પગલું ગણાશે.

નવી જંત્રી અમલી બનશે તો નાગરિકોને માથે પ્રોપર્ટી ટેક્સ વધશે

અમદાવાદ

રાજ્ય સરકારના મહેસુલ વિભાગે વર્ષ ૨૦૧૧માં નવી જંત્રી લાગૂ કરી હતી. પણ અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન તંત્ર દ્વારા વર્ષ ૨૦૧૭થી જંત્રી આધારિત પ્રોપર્ટી ટેક્સની ફોર્મ્યુલા લાગૂ કરી હતી.

જેથી અમદાવાદીઓને પ્રોપર્ટી ટેક્સમાં ૭૦ કરોડનો બોજ પડયો હતો. હવે રાજ્ય સરકારે નવી જંત્રીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જો નવી જંત્રી અમલી બનશે તો પ્રોપર્ટી ટેક્સમાં જંત્રી આધારિત ફોર્મ્યુલાના લીધે નાગરિકો ઉપર ૧૨૫ કરોડનો બોજ ઝિંકાઈ શકે તેમ છે.

અમદાવાદ મ્યુનિ.ના જાણકાર સુત્રો કહે છે કે, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની જંત્રી આધારિત પ્રોપર્ટી ટેક્સની ગણતરીમાં સૌથી મહત્વનું ફેક્ટરનું પરિબળ છે એટલે કે, ચાર પ્રકારના ફેક્ટરથી પ્રોપર્ટી ટેક્સની ગણતરી થાય છે.

જેમાં ફેક્ટર ૧માં સ્થળ પરિસ્થિતિ લોકેશનનું ફેક્ટર. ફેક્ટર ૨માં મિલકતની ઉંમર, ફેક્ટર ૩માં રહેઠાણની મિલકતના કિસ્સામાં તેનો પ્રકાર જ્યારે બિનરહેણાંકમાં તેનો ઉપયોગ. ફેક્ટર ચારમાં મિલકતનો ઉપયોગ કોણ કરે છે.

સ્થળ પરિસ્થિતિ એટલે કે, લોકેશનના ફેક્ટરમાં સૌથી અગત્યનું પાસુ તેની કિંમત હોય છે. જેમાં જંત્રી મહત્વનો ભાગ ભજવે છે. જેમાં જંત્રીના આધારે ફેક્ટર એ,બી,સી કે ડી લાગૂ કરાય છે. જેમાં એ એટલે સમૃદ્ધ વિસ્તાર, બી એટલે, સારો વિસ્તાર, સી એટલે મધ્યમ વિસ્તાર અને ડી એટલે નબળો વિસ્તાર.

એ ફેક્ટરમાં સમૃદ્ધ વિસ્તારમાં ૧.૬૦ અવયવ, સારો વિસ્તારમાં બી ફેક્ટરમાં ૧.૧૦નો અવયવ, સીમાં મધ્યમ વિસ્તારમાં ૦.૯૦ અવયવ અને ડી ફેક્ટરમાં નબળો વિસ્તારમાં ૦.૬૦નો અવયવ લાગે છે. હવે નવી જંત્રી લાગૂ પડશે તો તેની સીધી અસર મધ્ય ઝોન, પૂર્વ ઝોન, ઉત્તર ઝોન અને દક્ષિણ ઝોનના વિસ્તારોને લાગૂ પડશે.

ડાંગ જિલ્લા કલેક્ટર બી.કે. કુમારનો વિદાય અને નવા કલેક્ટર ડામોરનો આવકાર સમારંભ

ડાંગ જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર ડામોરે ચાર્જ સંભાળ્યો

આહવા

૨૧ માસની ટૂંકી પરંતુ અસરકારક કામગીરી બાદ ડાંગ જિલ્લામાંથી બઢતી સાથે વિદાય લઈ રહેલા કલેક્ટર શ્રી બી.કે.કુમારને ભાવભર્યુ વિદાયમાન આપવા સાથે, નવનિયુક્ત કલેક્ટર શ્રી એન.કે. ડામોરને આવકારવાનો એક કાર્યક્રમ આહવા ખાતે યોજાઈ ગયો.

પ્રજા કલ્યાણની કામગીરીમાં ડાંગના તમામ અધિકારીઓ, કચેરીઓના મળેલા હકારાત્મક સહયોગને કારણે તેઓ સફળ થયા છે તેવો પ્રતિભાવ વ્યક્ત કરતા ડાંગમાંથી વિદાય લઈ રહેલા કલેક્ટર શ્રી બી.કે.કુમારે ડાંગ જિલ્લાના અધિકારીઓની ટીમ ભાવનાને બિરદાવી, નવનિયુક્ત કલેક્ટર શ્રી એન.કે.ડામોરને પણ તેવો જ સહયોગ મળી રહેશે તેમ જણાવ્યું હતું.

અદના આદમી એવા જન સામાન્યનું જરા પણ અહિત નહીં થાય તેની તકેદારી સાથે સૌને કામગીરી કરવાનો અનુરોધ કરતા નવનિયુક્ત કલેક્ટર શ્રી એન.કે.ડામોરે, જિલ્લાના છેવાડાના માનવીઓ સુધી તેમની સેવાઓ પહોંચાડવાની તેમની પ્રતિબદ્ધતા રહેશે તેમ જણાવ્યું હતું.

આહવાના ડાંગ દરબાર હોલ ખાતે યોજાયેલા વિદાય અને આવકાર સમારોહ દરમિયાન ડાંગના જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયા, પોલીસ અધિક્ષક શ્રીમતી શ્વેતા શ્રીમાળી, નાયબ વન સંરક્ષક શ્રી અગ્નિશ્વર વ્યાસ, નિવૃત્ત અધિક કલેક્ટર શ્રી એ.ડી.બાગુલ તથા ડાંગના નિવાસી અધિક કલેક્ટર શ્રી ટી.કે.ડામોરે વિદાય લઈ રહેલા કલેક્ટરશ્રી સાથેના સંસ્મરણો તથા તેમના કાર્યાનુભવો વ્યક્ત કરી, વડિલતુલ્ય અને માર્ગદર્શક એવા શ્રી બી.કે.કુમારની કાર્યશૈલીને બિરદાવી હતી.

દરમિયાન ડાંગ જિલ્લાના જુદા જુદા વિભાગો/કચેરીઓના અધિકારીઓ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી બીબીબેન ચૌધરી સહિત જિલ્લાના પદાધિકારીઓ, કર્મચારીઓ, મીડિયાકર્મીઓ, સાપુતારા હોટલ એસોસિએશનના હોદેદારો, વેપારી મંડળના સભ્યો વિગેરેએ ઉપસ્થિત રહીને, શ્રી બી.કે.કુમારને ભાવભર્યુ વિદાયમાન આપવા સાથે, શ્રી એન.કે.ડામોરનું સ્વાગત કર્યું હતું.

ઉલ્લેખનિય છે કે, વિદાય લઈ રહેલા કલેક્ટર શ્રી બી.કે.કુમારે તેમના કાર્યકાળ દરમિયાન ડાંગ જેવા છેવાડાના- અંતરિયાળ જિલ્લામાં વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે જિલ્લાના પ્રજાજનોની સેવા માટે, રાતદિવસ એક કરીને, તેમના પ્રૉ, સમસ્યાઓ વિગેરેનું નિરાકરણ લાવવાની દિશામાં કામગીરી કરી છે. વારસાઈ નોંધણી જેવી મહેસૂલી કામગીરી હોય, કે રાત્રિ સભા જેવી ચેલેન્જિંગ કામગીરી હોય, કલેક્ટર તરીકે શ્રી બી.કે.કુમાર ક્યારેય પાછુ વળીને જોયુ નથી. રાજય સરકારની છેવાડાના માનવીઓ માટેની કલ્યાણલક્ષી યોજનાઓનો, જિલ્લામાં સારી રીતે અમલ થાય, જરૂરિયાતમંદ લાભાર્થીઓને તેનો લાભ સમયસર મળે, તે માટે પણ શ્રી કુમારે હંમેશા હકારાત્મકતા સાથે કામગીરી કરી છે. જેને કારણે તેઓ છેવાડાના માનવીઓના મન પણ જીતી શક્યા છે. મહેસૂલી કામગીરીના ભાગરૂપે અવારનવાર, ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત વખતે પણ તેઓ પ્રજાજનોને અંગત રીતે મળીને, તેમના ખબર અંતર પુછીને, તેમની મુંઝવણનો ખ્યાલ મેળવતા રહેતા હતા, અને તેમની જરૂરિયાતો, મુશ્કેલીઓનો સાચી દિશામાં નિકાલ થાય, તેવા હંમેશા પ્રયાસો કરતા રહ્યા છે. ડાંગ જિલ્લાની ટૂંકી કારકિર્દી દરમિયાન જિલ્લાના તમામ વિભાગો, કચેરીઓના અધિકારીઓ સહિત, જિલ્લાના પદાધિકારીઓ, જિલ્લાના મીડિયાકર્મીઓ, તથા પ્રજાજનો સાથે ખૂબ જ સુમેળભર્યા સંબંધો રાખીને, કોઈને પણ તેમના, કે તેમની કામગીરી પ્રત્યે અસંતોષ ન પ્રવર્તે, તેની તકેદારી રાખવામાં તેઓશ્રી સફળ રહ્યા છે. ડાંગના લોકો તેમને લાંબા સમય સુધી યાદ રાખશે.

ઉત્તરપ્રદેશમાં ૭૪થી વધુ સીટો મળશે : શાહ

લોકસભા ચૂંટણીમાં મોદી વિરુદ્ધ તમામ વચ્ચે ટક્કર

યોગી આદિત્યનાથની સરકાર આવ્યા બાદથી ગુંડાઓમાં ફફડાટ ફેલાઈ ગયો : ગઠબંધનની દુકાન પર તાળા પડશે

અલીગઢ

ભાજપ પ્રમુખ અમિત શાહે કહ્યું હતું કે, આગામી લોકસભાની ચૂંટણી ખુબ જ પડકારરુપ છે જેમાં એકબાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બીજી બાજુ બાકીના તમામ લોકો રહેશે. ભાજપના બુથ વર્કરોની બેઠકને સંબોધતા અમિત શાહે કહ્યું હતું કે, ભાજપે ઉત્તરપ્રદેશમાં ગુંડાઓથી મુક્તિ મેળવવાની દિશામાં ઉલ્લેખનીય સફળતા મેળવી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ રાજયમાં જમીન માફિયાઓની સમસ્યાને ઉકેલવામાં સફળ રહ્યા છે. વડાપ્રધાન તરીકે મોદી મુખ્યમંત્રી તરીકે યોગી ખુબ સફળ પુરવાર થઈ રહ્યા છે. આ સામાન્ય ચૂંટણી મોદી વિરુદ્ધ તમામની રહેશે. તેમણે ઉમેર્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં પણ આવી જ સ્થિતિ રહેનાર છે. ભાજપના વડાએ કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં ગુંડાઓ યોગી આદિત્યનાથથી ભયભીત થઈ ગયા છે. અમિત શાહે એમ પણ કહ્યું હતું કે, રાજ્યમાં યોગી આદિત્યનાથ સરકાર આવ્યા બાદથી ગુનાઓ અંકુશ હેઠળ છે. સપા અને બસપા વચ્ચે ગઠબંધનની ઝાટકણી કાઢતા તેમણે કહ્યું હતું કે, બુઆ ભતીજાની દુકાન પર ભાજપના કાર્યકરો અલીગઢના તાળા લગાવી દેશે. અલીગઢ શક્તિશાળી અને મજબૂત તાળાઓ માટે જાણીતુ છે પરંતુ અલીગઢના તાળા હવે નજરે પડતા નથી. શાહે કહ્યું હતું કે, બુઆ અને ભત્રીજા એક સાથે આવી ચુક્યા છે. ત્યારે અમે ઉત્તરપ્રદેશમાં ૭૪ સીટો કઈરીતે જીતીશું તે અંગે લોકો અમને પ્રશ્ન કરે છે તેના જવાબમાં અમે કહીએ છીએ કે, પાર્ટીના કાર્યકરોના સખત પરિશ્રમથી અમે આ વખતે ૭૪ કરતા વધારે સીટો મેળવીશું. ભાજપ અન્ય રાજકીય પક્ષો કરતા અલગ પ્રકારની પાર્ટી છે જેમાં બૂથલેવલના વર્કરો સૌથી મજબૂત રહેલા છે. કોઈપણ લીડરની આમા ઓછી ભૂમિકા રહેલી છે. અમિત શાહના આ નિવેદન બાદ હરીફ પક્ષો તરફથી પણ વળતા પ્રહારો કરવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશ ઉપર જ તમામનું ધ્યાન કેન્દ્રિત થયેલું છે.

ફિલ્મી સ્ટોરીઃ ભારતની મુલાકાતે આવેલા સીઈઓ કોટનનું બિમારીથી ડિસેમ્બરમાં મોત થયું હતુ

સીઈઓના મોત સાથે લોક થઈ અબજોની ક્રિપ્ટોકરન્સી, લાખો ગ્રાહક મુશ્કેલીમાં..!!!

૯૭૪ કરોડની કિંમતની ક્રિપ્ટોકરન્સી ફ્રિજ થઈ,કરન્સીને અનલોક કરવાનો પાસવર્ડ માત્ર કોટેન પાસે હતો,તેની પત્નિને પણ પાસવર્ડ ખબર નથી,આ એકાઉન્ટમાં અંદાજે ૧૩૦૦ કરોડની કરન્સી લોકડ છે,કોટનનું મોત થતાં તેમના કસ્ટમર પોતાના એકાઉન્ટને એક્સેસ નથી કરી શકત



ટોરેન્ટો

કેનેડાની ક્રિપ્ટોકરન્સી ફર્મ ક્વાડ્રિગાના ફાઉન્ડર અને સીઈઓ ગેરાલ્ડ કોટેનનું મોત થવાના કારણે રોકાણકારોના રૂ. ૯૭૪ કરોડની કિંમતની ક્રિપ્ટોકરન્સી ફ્રિજ થઈ ગઈ છે. આ કરન્સીને અનલોક કરવાનો પાસવર્ડ માત્ર કોટેન પાસે હતો. કોટેનનું ડિસેમ્બરમાં મોત થયું હતું.

૩૦ વર્ષના ક્રિપ્ટોકરન્સીના ફાઉન્ડર અને સીઈઓ ગેરાલ્ડ કોટનનું ડિસેમ્બર ૨૦૧૮માં ભારતની મુલાકાતે આવ્યા હતા ત્યારે જ મોત થયું છે. ગેરાલ્ડનું મોત આંતરડાની બીમારીના કારણે થયું હોવાનું માનવામાં આવે છે. કંપનીના સોશિયલ મીડિયા પેજ પરથી જણાવવામાં આવ્યું છે કે, ગેરાલ્ડનું મોત તે સમયે થયું છે જ્યારે તેઓ ભારતની મુલાકાતે આવ્યા હતા. એવું પણ જણાવવામાં આવ્યું છે કે, ત્યારે તેઓ ભારતમાં અનાથ બાળકોનું અનાથલય શરૂ કરવા માટે આવ્યા હતા.

ગેરાલ્ડના મોતની વાત ત્યારે સામે આવી જ્યારે તેની પત્ની જેનિફર રોબર્ટસન અને તેમની કંપનીએ કેનેડાની કોર્ટમાં ક્રિડેટ પ્રોટેક્શનની અરજી દાખલ કર હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે, ગેરાલ્ડનું ઈનક્રિપ્ટ એકાઉન્ટ અનલોક કરી શકાતું નથી. આ એકાઉન્ટમાં અંદાજે ૧૯૦ મિલિયન ડોલર (૧૩૦૦ કરોડ)ની કરન્સી લોકડ છે. ગેરાલ્ડ જે લેપટોપથી કામ કરતાં હતા તે ઈનક્રિપ્ટેડ છે અને તેનો પાસવર્ડ તેની પત્ની પાસે પણ નથી.

૩૧ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ક્વાડ્રિગાસીએક્સે તેમની વેબસાઈટના માધ્યમથી નોવા સ્કોટિયા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી કે, તેમને મંજૂરી આપવામાં આવે જેથી તેઓ તેમની આર્થિક સમસ્યાઓનો ઉકેલ લાવી શકે. કંપનીએ તેમના નિવેદનમાં કહ્યું છે કે, છેલ્લા અમુક સપ્તાહથી અમે અમારી આર્થિક સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. અમે ક્રિપ્ટોકરન્સી એકાઉન્ટની માહિતી મેળવવા અને તેને સુરક્ષીત કરવાનો પ્રયત્ન કર્યો છે. અમારે અમારા કસ્ટમર્સને તેમની ડિપોઝીટ પ્રમાણે પૈસા આપવા છે પરંતુ અમે એવું કરી શકતા નથી. કારણકે અમે ગેરાલ્ડના એકાઉન્ટને એક્સેસ કરી શકતા નથી. ક્વાડ્રિગા દ્વારા બિટકોઈન, લાઈટકોઈન અને ઈથ્રીરિયમ કોઈન જેવી ક્રિપ્ટોકરન્સીમાં ટ્રેડિંગ કરી શકાય છે. તેના લોક થવાના કારણે ૧.૧૫ લાખ યુઝર્સને અસર થઈ છે. કંપનીના ૩.૬૩ લાખ રજિસ્ટર્ડ યુઝર્સ છે. કોટેનની પત્ની જેનિફર રોબર્ટસને કોર્ટમાં જે એફિડેવિટ દાખલ કરી છે તેમાં આ માહિતી આપી છે. જેનિફરે કહ્યું છે કે, કોટેનના મેન કોમ્પ્યૂટરમાં ક્રિપ્ટોકરન્સીનું કોલ્ડ વોલેટ છે જેને માત્ર ફિઝિકલ એક્સેસ કરી શકાય છે. તેનો પાસવર્ડ માત્ર કોટેન જાણે છે. પરંતુ તેમના મોત પછી કોલ્ડ વોલેટમાં ક્રિપ્ટોકરન્સી ફસાઈ ગઈ છે.

બૅંકોને માલ્યાની પ્રોપર્ટીનો તાબો આપવામાં કોઈ વાંધો નથીઃ ઈડી

મુંબઈ

બૅંકોનું અબજો રૂપિયાનું કરજ ચૂકવ્યા વિના બ્રિટન ભાગી જનારા ઉદ્યોગપતિ વિજય માલ્યાની પ્રોપર્ટીનો તાબો બૅંકોને આપવામાં કોઈ વાંધો નથી, પરંતુ ભવિષ્યના સમયગાળામાં જો તેમના દ્વારા દાવો કરવામાં આવે તો પરત કરવાની બૅંકોએ વ્યવસ્થા કરવાની રહેશે, એવું એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ અહીંની સ્પેશિયલ કોર્ટને જણાવ્યું હતું.

લગભગ નવ હજાર કરોડ રૂપિયાનું કરજ ચૂકવવામાં નિષ્ફળ જનાર માલ્યાની પ્રોપર્ટી પરત માગતી સ્ટેટ બૅંક ઑફ ઈન્ડિયા (એસબીઆઈ)ની આગેવાની હેઠળની બૅંકોના કંસોર્શિયમનો કેન્દ્રીય એજન્સીએ સોંગદનામામાં જવાબ આપ્યો હતો. ક્યસોર્શિયમ અનુસાર બૅંકો દ્વારા લગભગ ૬,૨૦૦ કરોડ રૂપિયાની રકમનો દાવો કર્યો હતો. કોર્ટના ન્યાયાધીશ એમ. એસ.

આઝમીની વિશેષ ખંડપીઠ સમક્ષ દાખલ કરેલા સોગંદનામામાં ઈડીએ કહ્યું હતું કે અરજદાર વતીથી કરવામાં આવેલી અરજી પર હવે જે ચુકાદો અને તે કોર્ટ પર છોડી દેવામાં આવ્યો છે.

ગૃહમંત્રાલયના આંકડા મુજબ,જમ્મુ-કાશ્મીરમાં ૫ વર્ષમાં ૧૭૦૮ આતંકી ઘટના બની

જમ્મુ-કાશ્મીર સિવાય દેશનાં અન્ય પ્રદેશોમાં આતંકી ઘટનાઓમાં ધરખમ ઘટાડો થયો

૨૦૧૮માં માત્ર એક,૨૦૧૭માં એક પણ આતંકી હુમલો થયો નથી જેમાં કુલ ૧૧ નાગરિકોના મોત અને ૧૧ સુરક્ષા જવાનો શહિદ થયા

ન્યુ દિલ્હી

કેન્દ્રમાં મોદી સરકાર આવ્યા પછી આતંકી હુમલા ઓછા થયા છે.ગૃહ મંત્રાલયનાં આંકડા મુજબ ૨૦૧૪માં ૩ આતંકી હુમલા થયા. જો કે ત્યારબાદ ૨૦૧૮માં માત્ર એક જ આતંકી હુમલો થયો છે. ૨૦૧૫-૧૬માં માત્ર એક-એક હુમલા કરાયા. જો કે ૨૦૧૭માં એક પણ આતંકી હુમલો નથી થયો. આતંકી હુમલામાં કુલ ૧૧ નાગરીકોનાં મોત થયા હતાં. જેમાંથી ૧૧ સુરક્ષા જવાનો શહિદ થયા હતાં. જ્યારે સૈન્યએ ૭ આતંકિઓને ઠાર કર્યા હતાં.

નકસલ પ્રભાવિત રાજ્યોની વાત કરીએ તો પાછલા ૫ વર્ષમાં હિંસક ઘટનાઓમાં ઘટાડો આવ્યો છે. પાછલા પાંચ વર્ષોમાં કુલ ૪,૯૬૯ નકસલી હુમલા થયા છે. ૨૦૧૪માં ૧૦૯૧ નક્સલી હુમલા અને ૨૦૧૮માં ૮૩૩ નકસલી હુમલા થયા છે. ૨૦૧૫માં ૧૦૮૯, ૨૦૧૬માં ૧૦૪૮ અને ૨૦૧૭માં ૯૦૮ નક્સલી ઘટના સામે આવી છે.

નકસલી હુમલા દરમિયાન પાછલા પાંચ વર્ષોમાં નાગરીકોનાં મોતનો આંકડો ઘટ્યો છે. ત્યારબાદ નકસલીઓ વિરૂદ્ધ ચલાવાયેલા ઓપરેશન દરમિયાન દર વર્ષે વધારેમાં વધારે નકસલીઓ ઠાર કરાયા. ૨૦૧૪માં ૬૩ નક્સલી માર્યા ગયા હતાં. જો કે ૨૦૧૮માં ૨૨૫ નકસલીઓ ઠાર મરાયા.

પૂર્વોત્તર રાજ્યોમાં પણ હિંસક ઘટનાઓ ઓછી થઈ છે. ૨૦૧૪માં ૮૨૪ હિંસક ઘટનાઓ બની હતી. ૨૦૧૮માં ૨૫૨ હિંસક ઘટના બની. છેલ્લા પાંચ વર્ષોમાં ૧૦૯ સુરક્ષા જવાનો શહિદ થયા છે. સૈન્યએ ૫૦૮ ઉગ્રવાદિઓને મારી નાંખ્યા.

ગૃહ મંત્રાલયનાં આંકડા પ્રમાણે,જમ્મુ-કાશ્મીરમાં આતંકી ઘટનાઓમાં સતત વધારો થયો છે. ૨૦૧૪માં ૨૨૨ આતંકી હુમલા થયા, તો ૨૦૧૮માં ૬૧૪ આતંકિ હુમલા થયા. ૨૦૧૫માં ૨૦૮, ૨૦૧૬માં ૩૨૨, ૨૦૧૭માં ૩૪૨ આતંકિ ઘટના બની. પાછલા પાંચ વર્ષોમાં કુલ ૮૩૮ આતંકીને ઠાર મરાયા. જ્યારે ૩૩૯ સુરક્ષાજવાનો શહિદ થયાં. કુલ ૧૩૮ નાગરિકોનાં મોત થયા હતાં. કેન્દ્રિય ગૃહરાજ્ય પ્રધાન હંસરાજ આહિરે જણાંવ્યું કે દેશમાં થતી આતંકી ઘટનાઓને અટકાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સ્તરની સુરક્ષા એજન્સીઓ વચ્ચે ગહન સમન્વય છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા તિરસ્કાર નોટિસ અપાઈ

સીબીઆઈ વિવાદ પર ટ્વિટ કરીને પ્રશાંત ભૂષણ ફસાયા

સમગ્ર મામલામાં સાતમી માર્ચના દિવસે વધુ સુનાવણી

નવી દિલ્હી

સીબીઆઈ વિરુદ્ધ સીબીઆઈ મામલામાં ટિપ્પણી કરીને સુપ્રીમ કોર્ટના સિનિયર વકીલ પ્રશાંત ભૂષણ પોતે પણ જોરદારરીતે ફસાઈ ગયા છે. સુપ્રીમ કોર્ટે પ્રશાંત ભૂષણને તિરસ્કારના મામલામાં નોટિસ ફટકારી દીધી છે. એટર્ની જનરલ કેકે વેણુગોપાલ અને કેન્દ્ર સરકારે પોતાની અરજીમાં પ્રશાંત ભૂષણ પર આક્ષેપ કર્યો હતો કે, સીબીઆઈ વચ્ચે ખેંચતાણમાં બિનજરૂરી વિવાદની સ્થિતિ રહેલી છે. કેકે વેણુગોપાલ અને કેન્દ્ર સરકારે પ્રશાંત ઉપર આક્ષેપ કર્યો હતો કે, પ્રશાંતે પોતાના ટ્વિટમાં કહ્યું હતું કે, એટર્ની જનરલ વેણુગોપાલ જાણી જોઈને કોર્ટમાં પેન્ડિંગ કેસના સંદર્ભમાં ખોટી માહિતી આપી છે. આ મામલાની વધુ સુનાવણી ૭મી માર્ચના દિવસે થશે. એકબાજુ એટર્ની જનરલ વેણુગોપાલ આ મામલામાં પ્રશાંત ભૂષણની સામે સજાની ઈચ્છા રાખતા નથી પરંતુ કેન્દ્ર સરકારે કોર્ટના તિરસ્કાર બદલ પ્રશાંત ભૂષણ સામે કાર્યવાહી કરવાની માંગણી કરી છે. એજીએ કોર્ટમાં કહ્યું છે કે, તેઓ પ્રશાંત ભૂષણના આક્ષેપથી પરેશાન છે. પ્રશાંત ભૂષણની સામે કોઈ કાર્યવાહી ઈચ્છતા નથી પરંતુ કોર્ટે આ બાબત નક્કી કરવી જોઈએ કે પેન્ડિંગ મામલાને લઈને કોઈ વકીલને કોઈપણ પ્રકારની ટિપ્પણી કરવી જોઈએ નહીં. જસ્ટિસ અરુણ મિશ્રાએ કહ્યું હતું કે, અમે કોર્ટની કાર્યવાહીને લઈને મિડિયા રિપોર્ટિંગનો વિરોધ કરતા નથી પરંતુ કોર્ટમાં પેન્ડિંગ રહેલા મામલા સાથે જોડાયેલા વકીલોને મિડિયામાં નિવેદન આપવા અને ટીવી ડિબેટમાં ભાગ લેવાથી બચવાના પ્રયાસ કરવા જોઈએ. કેટલાક વિવાદાસ્પદ ટ્વિટ બદલ વકીલ પ્રશાંત ભૂષણ ઉપર તિરસ્કારની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. થોડાક દિવસ પહેલા એટર્ની જનરલ કેકે વેણુગોપાલે ભૂષણની સામે ટ્વિટ બદલ લોકોમાં પણ નારાજગી પણ જોવા મળી હતી.

ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો એલપીજી વપરાશકર્તા દેશ બન્યો

ન્યુ દિલ્હી

દેશના દરેક પરિવારને સ્વચ્છ રાંધણ ગેસ ઉપલબ્ધ કરાવવાની સરકારની પહેલથી ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો એલપીજી વપરાશકર્તા દેશ બની ગયો છે. પેટ્રોલિયમ સચીવ એમ એમ કુટ્ટીએ કહ્યું કે દેશમાં એલપીજીની માગ ૨૦૨૫ સુધીમાં ૩૪ ટકા વધવાનું અનુમાન છે. એશિયા એલપીજી સંમેલનને સંબોધિત કરતાં કુટ્ટીએ જણાવ્યું કે, એલપીજી ગ્રાહકોની સંખ્યમાં વાર્ષિક ધોરણે ૧૫ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. વર્ષ ૨૦૧૪-૧૫માં. એલપીજી ગ્રાહકોની સંખ્યા ૧૪.૮ કરોડ હતી, જે વર્ષ ૨૦૧૭-૧૮માં વધીને ૨૨.૪ કરોડ થઈ ગઈ છે.

ગ્રામીણ વિસ્તારોમાં એલપીજીની ઉપલબ્ધતાને કારણે એલપીજી વપરાશમાં સરેરાશ ૮.૪ ટકાની વૃદ્ધિ થઈ છે. જેથી ૨.૨૫ કરોડ ટન એલપીજી સાથે ભારત વિશ્વનો બીજા ક્રમનો સોથી મોટો એલપીજી વપરાશ કરતા દેશ બની ગયો છે.

પેટ્રોલિયમ મંત્રાલયના અનુમાન અનુસાર ૨૦૨૫ સુધીમાં એલપીજીનો વપરાશ વધીને ૩.૦૩ કરોડ ટન પર પહોંચી જશે. ૨૦૪૦ સુધીમાં આ આંકડો ૪.૦૬ કરોડ હશે. સરકાર દ્વારા ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં એલપીજી વપરાશ પર વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે. ગ્રામીણ પરિવારો સામાન્ય રીતે પરંપરાગત ઈંધણ પર નિર્ભર રહેતા હોય છે, જે તેમના સ્વાસ્થ્ય માટે નુકસાન કારક હોવાની સાથે પ્રદુષણમાં વધારો કરે છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠલ અત્યાર સુધીમાં ૬.૩૧ કરોડ કનેક્શન આપવામાં આવ્યા છે. આ યોજના મે ૨૦૧૬માં શરુ કરવામાં આવી હતી.

પેટ્રોલિય પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, ઉજ્જવલા યોજના હેઠળ વર્ષ ૨૦૨૦ સુધીમાં દેશમાં ૮ કરોડ ગેસ કનેક્શન આવાનું લક્ષ્ય છે. દેશના ૯૦ ટકા પરિવારો સુધી એલપીજી પહોંચી ગયું છે. આ સંખ્યા ૨૦૧૪માં ૫૫ ટકા હતી.

રાજયભરના આરોગ્ય ખાતાના કર્મચારીઓ માસ સીએલ પર ઉતર્યા

વડોદરા-રાજકોટ-સુરત

રાજયભરમાં જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગના કર્મચારીઓ માસ સીએલ પર ઉતરી ગયા છે. રાજયમાં ૩૫ હજારથી વધુ કર્મચારીઓ પોતાના પડતર પ્રશ્નના પરિપેક્ષમાં કોઈ નિવેડો ન આવતાં તેમણે આ જાહેરાત કરી છે. પગારની વિસંગતતાઓ દૂર કરવાથી માંડીને ૧૩ જેટલા પડતર પ્રશ્નો સંદર્ભે વખતો વખત સરકારમાં રજૂઆત કરવા છતાં ન તેનો નિવેડો આવ્યો નથી. છેલ્લા કેટલાય સમયથી પંચાયતના આરોગ્ય વિભાગના કર્મચારીઓ આંદોલન કરી રહ્યાં છે. કાળી પટ્ટી ધારણ કરવી, ધરણા કરવા જેવા કાર્યક્રમો આપ્યા બાદ સરકાર ન સાંભળતા બુધવારે એક દિવસ માટે માસ સીએલ પર ઉતરી ગયા છે.

આ માંગણીઓમાં પંચાયત સેવાના આરોગ્ય કર્મચારીઓને ટેક્નિકલ કર્મચારી ગણવા, રાજય સેવાની જેમ ત્રિસ્તરીય માળખાનો પંચાયત સેવામાં અમલ કરવો, તાલુકા જિલ્લા કક્ષાએ સુપરવાઈઝરની જગ્યા અપગ્રેડ કરવી, જિલ્લા મેલેરિયા અધિકારીમાં મેલેરિયા સુપરવાઈઝર અને લેબ ટેક. પેથોલોજી અને જિલ્લા મેલેરિયા અધિકારી વર્ગ ૨ તરીકે બઢતી આપવી, નવા જિલ્લાઓમાં જિલ્લા કક્ષાનું મહેકમ મંજૂર કરી જગ્યાઓ ભરવી, જિલ્લા કક્ષાની ખાલી સુપરવાઈઝરની જગ્યાઓ બઢતી આપી ભરવામાં આવે, પંચાયત સેવાના કર્મીઓને નામભિધાન ફાર્મસીસ્ટ કરવા બાબત, ગ્રામ્ય કક્ષાએ મહિલા પેટા કેન્દ્રમાં મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની જગ્યા મંજુર કરવા બાબત, લેબ ટેક.ને તાલુકા કક્ષાએ એમએસની જગ્યા પર શૂન્ય બજેટમાં લેબ સૂપરવાઈઝર તરીકેની કામગીરી સોંપી કામગીરી સુદ્રઢ કરવામાં આવે.

વડોદરા આરોગ્ય વિભાગના ૫૬૭ કર્મચારીઓ ઉતર્યા માસ સીએલ પર ઉતર્યાં. કર્મચારીઓની વિવિધ માંગણીઓને લઈને આંદોલન કર્યું. સરકાર સામે વિરોધમાં ગાંધીગીરી કરી. સ્વચ્છતા અભિયાન અને બ્લડ ડોનેશન કર્યું. રાજકોટ જિલ્લા પંચાયતના ૮૦૦ કર્મચારી માસ સીએલ પર ઉતર્યાં. તેમણે કહ્યું કે, માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો આગામી ૧૫ તારીખથી અચોક્સ મુદત હડતાલ પર જશે. સુરત જિલ્લા આરોગ્ય કર્મચારી ૮૫૦ કર્મચારી બુધવારે માસ સીએલ પર ઉતર્યાં.

નવસારી જિલ્લામાં ૧૩૨૧૩ નવા મતદારોનો યાદીમાં વધારો થયો

નવસારી

નવસારી જિલ્લામાં ૧૦૦૩૨૮૦ જેટલા મતદારો હતાં, જેમાં ૧૩૨૧૩ જેટલા નવા મતદારો ઉમેરો થતાં ૧૦૧૬૪૯૩ કુલ મતદારો નોંધાયા છે. નવસારી જિલ્લામાં ૫૦૬૯૬૩ પુરુષ મતદારોમાં ૬૧૨૦ મતદારોનો વધારો થતાં ૫૧૩૦૮૩ પુરુષ મતદારો નોંધાયા છે. જયારે ૪૯૬૨૭૭ સ્ત્રી મતદારોમાં ૭૦૯૧ નવા મતદારો નોંધાતા કુલ ૫૦૩૩૬૮ સ્ત્રી મતદારો નોંધાયા હોવાનું નવસારી જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડૉ.એમ.ડી.મોડિયાએ જણાવ્યું હતું. જિલ્લામાં કુલ ૧૯ જેટલા મતદાન મથકોનો ઉમેરો થયા છે. જેથી ૧૧૭૮ જેટલા મતદાન મથકોની સંખ્યા થયેલ છે.

નવસારી જિલ્લામાં તા.૩૧/૧/૧૯ સુધીમાં તૈયાર થયેલ મતદાર યાદી પ્રસિધ્ધિ અને ડિસ્ટ્રીકટ કોન્ટેક સેન્ટરની શરૂઆત અંગેની જાણકારી આપવા નવસારી કલેકટરાલય ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, તા.૩૧/૧/૧૯ સુધીમાં ૧૮ વર્ષથી ઉપરના માઈગ્રેટ થયેલા કે મતદાર યાદીમાં નામ ન નોંધાવાયેલા બાકી રહેલા મતદારો નામ નોંધવાની પ્રક્રિયા ચાલુ છે. ફોર્મ નં-૬ માં નવા નામ દાખલ કરવા, ફોર્મ-૬-એ વિદેશમાં રહેલા ભારતીય નાગરિકનું નામ મતદાર યાદીમાં દાખલ કરવા માટે ફોર્મ-૭ મતદારનું નામ કમી કરવા માટે, ફોર્મ-૮ મતદારના નામ કે વિગતમાં ભૂલ સધારવા માટે, ફોર્મ ૮-ક એક જ મતદાર વિભાગમાં મતદારનું નામ એક ભાગમાંથી બીજા ભાગમાં બદલવા માટે કાર્યક્રમ શરૂ કરેલ છે.

નવસારી જિલ્લામાં તા.૨૫ મી જાન્યુઆરીથી ડિસ્ટ્રીકટ કોન્ટેકટ સેન્ટરની શરૂઆત થઈ છે. જેમાં ચુંટણી પ્રક્રિયા, મતદારોની ફરિયાદ મળી રહી છે જે માટે મતદારો માટે ૧૯૫૦ હેલ્પલાઈન ઉપર તેમજ ટોલ ફ્રી નં-૧૮૦૨૩૩૨૬૨૭ ઉપર પણ ફરિયાદ કરી શકે છે. પ્રારંભમાં નાયબ ચુંટણી અધિકારી શ્રી પ્રજાપતિએ મિડીયાકર્મીઓને આવકાર્યા હતાં. પ્રત્રકાર પરિષદમાં પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મિડીયાકર્મીઓ ઉપસ્થિત રહયાં હતાં.

બુલેટ ટ્રેન જમીન સંપાદન મુદ્દે ખેડૂતોનું રેલી કાઢી વિરોધ પ્રદર્શન

નવસારી

બુલેટ ટ્રેન માટે જમીન સંપાદીત થઈ રહી છે ત્યારે દક્ષિણ ગુજરાતના ખેડૂતોને જમીન સંપાદનમાં અન્યાય થઈ રહ્યો હોવાના વિરોધ સાથે ખેડૂતો સરકાર સામે મેદાન પડ્યા છે. બુધવારે ખેડૂતોએ નવસારીમાં બુલેટ ટ્રેન અંગે વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અનેક ખેડૂત ભાઈ બહેનો જોડાયા હતા. ગુજરાત ખેડૂત સંગઠન દ્વારા આયોજીત આ રેલી નવસારી જિલ્લા કલેક્ટર કચેરી જઈને કલેક્ટરને આ અંગે આવેદન પત્ર આપવામાં આવશે.

મળતી માહિતી પ્રમાણે ગુજરાત ખેડૂત સંગઠન દ્વારા નવસારીમાં બુલેટ ટ્રેન મુદ્દે ખેડૂતોની રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિશાળ સંખ્યામાં ખેડૂત ભાઈ બહેનો જોડાયા હતા. આ સાથે ખેડૂતોના આ વિરોધને કોંગ્રેસ દ્વારા પરોક્ષ રીતે સમર્થન આપવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં ખેડૂતોના ન્યાય માટે કોંગ્રેસ આગળ આવશે એવું કોંગ્રેસના નેતાએ જણાવ્યું હતું.

એક ખેડૂત આગેવાને જણાવ્યું હતું કે, મોદી સરકારની ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવકને બે ગણી કરવાની વાત કરી રહી છે તો અહીં ખેડૂતોને પુરતા ભાવ ન મળતા ચોક્કસ પણે અહીંના લોકો સાથે અન્યાય થઈ રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સરકારની આંખ ઉઘાડવા માટે ગુજરાત ખેડૂત સમાજ આવનારા દિવસોમાં મોટું આયોજન કરી રહ્યું છે. સાથે સાથે સરકારની આંખ ઉઘાડવા માટે પણ આવનારા દિવસોમાં રણનીતિ ઘડીશું.

જે ગામમાં રેલવેની જમીન હતી એ નવા ભાવથી સરકારે લીધી છે જયારે ખેડૂતોની જમીન જંત્રીના ભાવે લેવામાં આવી રહી છે તો સરકારની આ બેવડી નીતિ અહીં ઉઘાડી પડી રહી છે. આ અંગે હાઈકોર્ટમાં પીટીશન કરવામાં આવી છે જેને હાઈકોર્ટે પણ ગંભીર રીતે નોંધ લીધી છે. એમ તેમણે જણાવ્યું હતું. ૨૦૧૩ના કાયદા પ્રમાણે ખેડૂતોને વળતર મળવું જોઈએ એવી ખેડૂતોની લાગણી અને માંગણી છે. આ માગણી નહીં સંતોષાય તો ખેડૂતો આંદોલનના માર્ગ અપનાવશે.

બીલીમોરાના અમલસાડમાં બનેલી ઘટના

સમાજના ડરથી પરિણીત પ્રેમી-પ્રેમિકાએ ટ્રેન નીચે પડતુ મૂકી આપઘાત કર્યો

બબ્બે સંતાન ધરાવતા આ પ્રેમી-પ્રેમિકા છેલ્લા ૧૦ મહિનાથી પ્રેમસંબંધ ધરાવતા હતા

નવસારી

પ્રેમ આંધળો હોય છે. એ કહેવતને સાચી પુરવાર બીલીમોરામાં બનેલી આ ઘટનાથી થાય છે. નવસારી જિલ્લામાં આવેલા બીલીમોરા નજીક અમલસાડ, સરીબુજરંગના હળપતિ સમાજના બે પરિણીત પ્રેમીઓએ તેમના પ્રેમસંબંધને સમાજ સ્વીકારશે નહી એમ લાગતા મંગળવારે ટ્રેન નીચે પડતું મુકીને આપઘાત કર્યો હતો.

અમલસાડ સરીબુજરંગના સુદામાનગરમાં રહેતા અને સચિન નોકરી કરતો ૨૫ વર્ષીય રણજિત જગુ હળપતિ અને તેજ ફળિયામાં રહેતી અને ઘરકામ કરતી પરિણીતા શીલાબેન હેમંતભાઈ હળપતિ વચ્ચે દસેક માસથી પ્રેમ સંબંધ બંધાયો હતો. બંને પરિણીત હતા અને તેમાં રણજિતને એક પાંચ વર્ષનો છોકરો અને એક ત્રણ વર્ષની છોકરી છે. તેમજ શીલાબેનને બે પુત્રોમાં એક ત્રણ વર્ષનો અને એક દોઢ વર્ષનો છે.

તેમના પ્રેમ સંબંધની જાણ થતાં સમાજના મોભી સમક્ષ મામલો ગયો હતો. તેઓએ બંનેના પરિવારો વચ્ચે એકબીજાને મળવું નહી તે અંગે સમાધાન કરાવ્યું હતું. પરંતુ તે બંનેએ પ્રેમ સંબંધ ચાલુ જ રાખ્યો હતો. તેઓના પ્રેમસંબંધને સમાજ સ્વીકારશે નહીં એવો ડર હતો. જેથી બંનેએ સાથે ફાની દુનિયા છોડી કાયમ માટે એક થઈ જવા નિર્ણય કર્યો હતો.

અમલસાડ રેલવે સ્ટેશનની દક્ષિણે અને રેલવે લાઈનના પાટા ઉપર ટ્રેન નંબર ૧૨૨૧૫ ગરીબરથ એક્સપ્રેસ ટ્રેનના એન્જિન આગળ પડતુ મૂકી આપઘાત કરી લીધો હતો. આ ઘટનાથી હળપતિ સમાજ સ્તબ્ધ થઈ ગયો હતો.

વઘઈ ખાતે યોજાઈ યોગ શિબિર બાળમિત્રોને અપાઈ યોગની તાલીમ

૧૨૦૦ જેટલા બાળકોને યોગ શિક્ષણ પુરૂ પાડવાનો લક્ષ્યાંક

આહવા

ડાંગ જિલ્લાના પ્રવેશ દ્વાર વઘઈ ખાતે ડાંગ જિલ્લા પતંજલિ યોગ સમિતિ દ્વારા ત્રિદિવસિય યોગ શિબિરનું આયોજન કરાયુ હતું. તા.૨૭ ફેબ્રુઆરીથી તા.૪થી ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-વઘઈ ખાતે આયોજિત આ શિબિરનો લાભ એમ.એ.બી.એડ્.ના ૬૦ જેટલા વિદ્યાર્થીઓ સહિત, સીઝનલ હોસ્ટેલના ૫૪ જેટલા બાળકો તથા નગરજનોએ ઉત્સાહભેર લાભ લીધો હતો. ડાંગ જિલ્લા યોગ સમિતિના અધ્યક્ષ શ્રીમતી પ્રિતીબેન ભાવસાર સહિત દક્ષિણ ગુજરાતના રાજય કાર્યકારિણી સદસ્યા તનુજાબેન મકવાણા અને વઘઈ તાલુકાના પ્રભારી શ્રી ગુણવંતભાઈ તેમજ યુવા પ્રભારી શ્રી શૈલેષભાઈના સહયોગથી આયોજિત આ યોગ શિબિરમાં ભાગ લેનારા, ૬૦ જેટલા યુવા ભાઈ/બહેનો દ્વારા આગામી દિવસોમાં યોગ સમિતિમાં જોડાઈને નિઃશુલ્ક યોગ શિબિરનો લાભ અન્ય લોકોને પણ મળે તે માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો. જ્યારે સીઝનલ હોસ્ટેલના ૫૪ બાળમિત્રો દ્વારા તેમની શાળાના ૧૨૦૦ જેટલા બાળકોને પણ યોગ શિક્ષણનો લાભ પુરો પાડશે. ડાંગ જિલ્લામાં નિઃશુલ્ક યોગ શિબિરના આયોજન માટે મોબાઈલ નંબર : ૯૭૨૪૩ ૩૬૭૯૨, ૮૮૬૬૩ ૮૭૫૮૬, ૯૪૨૭૧ ૭૩૩૩૯૧ ઉપર સંપર્ક સાધી શકાશે, એમ પણ આયોજકો દ્વારા જણાવાયું છે.

તાંત્રિકનો અશ્લીલ વીડિયો વાયરલ કરનાર પાસેથી મોબાઈલ ફોન કબજે કરાયો

બીલીમોરાના શૈલેષ નાયકા અને પીડિતાનો વીડિયો જયેશ પટેલે વાયરલ કર્યો હતો

સુરત

મહુવાની પરિણીત પીડિત સાથેડ બળાત્કાર ગુજારનાર બીલીમોરાના તાંત્રિક બીલીમોરાના તાંત્રિકનો અશ્લીલ વીડિયો વાયરલ કરવાના ગુનામાં સંકળાયેલા ભીમરાડ ડુંગરી ફળિયાના રહેવાસી જયેશ પટેલના પોલીસે મેળવેલા બે દિવસના રિમાન્ડ દરમિયાન આરોપી પાસેથી મોબાઈલ ફોન કબજે કરવામાં આરોપી પાસેથી મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યો હતો. આ મોબાઈલ ફોન એફએસએલમાં મોકલી આપવામાં આવ્યો હોવાનું બારડોલી પોલીસી મથકમાં પીઆઈ ચૌહાણે જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મહુવા વિસ્તારની પરિણીતાને તાંત્રિક વિધિ કરવાના બહાને સાપુતારા વૈશાલી ગેસ્ટ હાઉસમાં લઈ જઈ બળાત્કાર ગુજારનાર બીલીમોરાના તાંત્રિક શૈલેષ નાયકાનો અશ્લીલ વીડિયો વ્હોટ્સએપ પર વાયરલ કરવામાં આવ્યો હતો.

મહુવા પોલીસ મથકમાં પીડિતાએ તાંત્રિક શૈલેષ નાયકા, ભીમરાડ ડુંગરી ફળિયાના જયેશ પટેલ અને તેમના પુત્ર આકાશ પટેલ સામે બળાત્કાર તથા આઈટ એકનો ગુનો દાખલ કર્યો હતો. પોલીસે આ ગુનામાં તાંત્રિક શૈલેષ નાયકાની ધરકડ કરી કોટૂમાં રજૂકરી રિમાન્ડ પણ મેળવ્યા હતા.

આ રિમાન્ડ પૂરા થતા તેમને જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા. આ ગુનામાં તાંત્રિકનો અશ્લીલ વીડિયો વાયરલ કરનારા ભીમરાડના જયેશ પટેલની પોલીસે ઉધના-મગદલ્લા રોડ પર ધરપકડ કરી હતી. બારડોલી પોલીસે તેને કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ રિમાન્ડ દરમિયાન સીપીઆઈ ચૌહાણે આરોપી પાસેથી ગુનામાં વપરાયેલ મોબાઈલ ફોન પણ કબજે કરી એફએસએલમાં મોકલી આપ્યો હતો.

પરંતુ કયા પક્ષમાંથી અને કઈ બેઠક પરથી લડશે તે અંગે સસ્પેન્સ યથાવત્

હાર્દિક પટેલની સત્તાવાર જાહેરાતઃ લોકસભા ચૂંટણી લડશે

અમદાવાદ

પાટીદાર અનામત આંદોલનનો નેતા હાર્દિક પટેલ હવે લોકસભા ૨૦૧૯ની ચૂંટણી લડવાનો છે. લખનઉમાં એક મુલાકાતમાં હાર્દિક પટેલે સ્પષ્ટ કહ્યું કે, તે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી લડશે. પરંતુ તે ક્યાંથી ચૂંટણી લડશે તે વિશે તેણે કોઈ જવાબ આપ્યો નથી.

૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતમાં રાજકીય માહોલ હાર્દિક પટેલને કારણે વધુ ગરમાયુ છે. પાટીદાર અનામત આંદોલન સમિતિનો મુખ્ય કન્વીનર હાર્દિક પટેલે ખુદ આ જાહેરાત કરી છે કે, તે ચૂંટણી લડશે અને રાજકારણમાં ઝંપલાવશે. જોકે, તે હાલ ક્યાંથી ચૂંટણી લડશે તે હજી સામે આવ્યું નથી. સમાજ માટે લડવાના વાતથી યુ ટર્ન લઈને હવે હાર્દિક પટેલે ચૂંટણી લડવાના સ્પષ્ટ સંકેત આપ્યા છે. બે દિવસ પહેલા તેણે લખનઉમાં સ્પષ્ટ કહ્યું કે, તે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી લડશે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, હાર્દિક અમરેલી અને મહેસાણા બેઠક પરથી ચૂંટણીમાં ઝંપલાવી શકે છે. હાલ બંને બેઠક પર સરવે ચાલી રહ્યો છે. અમરેલી એ ગુજરાતમાં સૌથી વધુ પટેલ વસ્તી ધરાવતો જિલ્લો છે. તો બીજી તરફ, કોંગ્રેસ હાઈકમાન્ડે પણ હાર્દિક પર પસંદગી ઉતારી છે.

લખનઉમાં હાર્દિકે કહ્યું કે, સમગ્ર દેશમાં સંવિધાન બચાવવા માટેનો માહોલ ચાલી રહ્યો છે. ભાજપ હટાવવા અને દેશને બચાવવા માટે મોટી લડાઈ ચલાવવામાં આવશે. તેની શરૂઆત પશ્ચિમ બંગાળમાં મમતા દીદીએ કરી છે. સમગ્ર દેશમાં અલગ અલગ પ્રદેશમાં તેની વાત થઈ રહી છે. હું ૨૦૧૯માં બિલકુલ ઈલેક્શન લડીશ.

હાર્દિકની લોકસભા ચૂંટણી લડવાના મુદ્દે ધાર્મિક માલવીયાએ કહ્યું કે, મીડિયા છેલ્લા કેટલાક દિવસથી ચલાવી રહ્યું છે. પાસની કોર કમિટીની બેઠકમાં આ મુદ્દે ચર્ચા થશે. ચર્ચા બાદ નક્કી કરાશે કે ચૂંટણી લડવી કે નહિ. યુવાનો રાજનીતિમાં આવે તે વર્તમાન સમયની માંગ છે.

ડાંગ જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી શરૂ કરાઈ

આહવા

વર્ષ દરમિયાન માર્ગ અકસ્માતથી થતા મૃત્યુદરને ઘટાડવા માટે સૌએ ખૂબ જ સંવેદના સાથે ટ્રાફિક નિયમોનો ચુસ્તપણે અમલ કરવો જોઈએ તેમ જણાવતા ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી બી.કે.કુમારે લોક સહયોગ વિના માર્ગ સલામતી શક્ય નથી તેમ જણાવ્યું હતું.

ડાંગ જિલ્લામાં ૩૦માં માર્ગ સલામ સલામતી સપ્તાહનો વઘઈ ખાતેથી પ્રારંભ કરાવતા કલેક્ટર શ્રી કુમારે પેસેન્જર વાહનોમાં ક્ષમતા કરતા વધુ પેસેન્જરોના કરાતા અનઅધિકૃત વહન સહિત સીટ બેલ્ટ, હેલ્મેટ, ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ જેવા કેસોને કારણે અકસ્માતનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે આવા બેજવાબદાર વાહન ચાલકો સામે કડક કાર્યવાહી કરવાનું સૂચન કર્યું હતું.

ગતિ મર્યાદા કરતા વધુ સ્પીડે વાહન હંકારતા અને સગીર વયના બાળકોને બિનજવાબદાર રીતે વાહનો સોંપી દેતા વાહન ચાલકો તથા વાલીઓ સામે પણ સખ્ત કાર્યવાહીના સંકેત આપતા કલેક્ટર શ્રી બી.કે.કુમારે માર્ગ અકસ્માતના સુધારેલા નિયમો અનુસાર અમૂલ્ય માનવ જીંદગી બચાવવા માટે કોઈ પણ વ્યક્તિ અકસ્માતનો ભોગ બનનારને ત્વરીત મદદરૂપ થઈ શકે છે તેમ જણાવ્યુ હતુ. આવી સેવાભાવી વ્યક્તિઓને પોલીસની કોઈપણ કનડગતનો સામનો નહીં કરવો પડે તેમ પણ તેમણે વધુમાં ઉમેર્યું હતું

કોંગ્રેસને બેનરોમાંથી સરદાર પટેલની તસવીર કાઢવા અલ્પેશ કથીરિયાનું અલ્ટીમેટમ

સુરત

અમરેલી રાજદ્રોહ કેસમાં પાટીદાર અનામત આંદોલન સમિતીના નેતા અલ્પેશ કથીરિયાને પોલીસ શોધી રહી છે. દરમિયાન અલ્પેશ કથીરિયાની એક ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે. જેમાં કોંગ્રેસને પોતાના બેનરોમાંથી સરદાર પટેલની તસવીર કાઢી નાખવા અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે.

છેલ્લા ૭૦ વર્ષથી સરદાર પટેલના નામે માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ પાર્ટીએ રાજકારણના રોટલા શેકી રહી છે. અટલે બંને કોઈ પણ પ્રકારની ચૂંટણીમાં સરદાર પટેલના નામનો દૂરઉપયોગ ન કરે. અને ૭૦ વર્ષ બાદ ગુજરાતની કોંગ્રેસ પાર્ટીએ પોતાના બેનરમાં સરદાર પટેલને સ્થાન આપ્યું છે.અને સરદાર પટેલના ફોટોનો ઉપયોગ કરી સમાજને ગેરમાર્ગે દોરી ચૂંટણી જીતવાનો નિષકલંક પ્રયાસ કરી રહી છે.મારી મીડિયાના માધ્યમથી સમગ્ર ગુજરાતની કોંગ્રેસ અને રાષ્ટ્રીય કોંગ્રેસને વિનંતી છે કે ૨૪ કલાકની અંદર તમામ બેનરમાંથી સરદાર પટેલના ફોટોને દૂર કરવામાં આવે. કેમ કે ૭૦ વર્ષ સુધી જેમણે સરદાર પટેલના ફોટાને પોતાના ફોટામાં કે ક્યાંય સ્થાન ન આપ્યું એ માત્રને માત્ર ૨૦૧૯ના ઈલેક્શન જીતવા માટે સરદાર પટેલના ફોટાનો રાજકીય દૂરઉપયોગ ન કરી શકે. ૨૪ કલાકમાં તમામ બેનરમાંથી સરદાર પટેલના ફોટો દૂર નહીં કરવામાં આવે તો ગુજરાતભરની પાસની ટીમ ઉગ્રમાં ઉગ્ર વિરોધ કરશે.

લોન કેસમાં ફસાવી દેવાની સાસરિયાની ધમકી

સુરત

લોન કેસમાં ફસાવી દેવાની ધમકી આપનાર સાસરિયા સામે પરિણીતાએ ફરિયાદ નોંધાવી હતી.

અડાજણ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ફરિયાદી પરિણીતાએ પતિ રવિકુમાર રમેશ ચંદ્ર બડે સામે દિલ્હીમાં છૂટાછેડાનો કેસ કર્યો હતો. જે અંગે સમાધાન પણ બાદ આરોપી રવિકુમાર ઉશા રમેશચંદ્ર, રમેશ ચંદ્ર બડે પોતાના મિત્રોને મોકલીને લન કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ત્રાસ ગુજાર્યો હતો. બનાવ અંગે અડાજણ પોલીસે ફરિયાદ નોંધી તનપાસ હાથ ધરી છે.

અંકલેશ્વર GIDCમાં ડુપ્લીકેટ જંતુનાશક દવા બનાવવાનું કૌભાંડ ઝડપાયું





અંકલેશ્વર જીઆઈડીસીમા રાધે એગ્રો સેલ્સમાંથી ડુપ્લીકેટ જંતુનાશક દવાનો કરોડોનો જથ્થો ઝડપાયો હતો.૪ નામાંકિત કંપનીઓની જંતુનાશક દવાની કોપીરાઈટ કરી ખેડૂતોને વેચાણ કરતા હતા. ટુ બડી સંસ્થાની ટીમ અને અંકલેશ્વર પોલીસને સાથે રાખી રેડ કરતા દવાનો મોટો જથ્થો મળી આવ્યો.

અંકલેશ્વર જી.આઇ.ડી.સી સ્થીત એક કંપનીમાં જુદી-જુદી કંપનીઓ દ્વારા બનાવાતી પ્રેસ્ટીસાઇઝ(જંતુનાશક) દવાઓનો કરોડો રૂપિયાનો જથ્થો મળી આવતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. કંપનીમાં ૪ વિવિધ કંપનીઓની જંતુનાશક દવાઓની કોપી કરી નકલી દવા બનાવી ખેડૂતોને વેચાણ કરાતી હોવાની હકીકત પ્રકાશમાં આવતા કંપનીએ પોલીસને સાથે રાખી છાપો મારતા કરોડો રૂપિયાની નકલી દવાઓ મળી આવી હતી. પોલીસે હાલ તો નકલી દવા બનાવનાર કંપનીના સંચાલકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર અંકલેશ્વર જી.આઇ.ડી.સી.ના H-૩૦૯૩ નંબરના પ્લોટમાં રાધે એગ્રો સેલ્સના નામે ચાલતી કંપનીમાં ૪ વિવિધ કંપનીઓ દ્વારા બનાવાતી જંતુનાશક દવાઓને કોપીરાઈટ કરી નકલી દવા બનાવી, ખેડૂતોને વેચાણ કરતા હોવાની માહિતિના પગલે આજે ટુ બડી કંન્સલટન્સી ના સિનિયર મેનેજર આદિત્ય સિંઘને મળતા તેમણે અંકલેશ્વર પોલીસને સાથે રાખી રાધે એગ્રો સેલ્સ ઉપર છાપો માર્યો હતો. પોલીસને સાથે રાખી કરાયેલ રેડમાં તેમને ૪ અલગ-અલગ કંપનીનો કોપીરાઈટ કરી બનાવાયેલ જંતુનાશક દવાઓનો કરોડો રૂપિયાનો જથ્થો મળી આવ્યો હતો.જે અંગે સિનિયર મેનેજર આદિત્યએ પોલીસ ફરિયાદ નોંધાવવા કવાયત હાથ ધરતા પોલીસે મળેલ તમામ જંતુ નાશક દવાઓનો જથ્થો તેમજ રાધે એગ્રો સેલ્સના સંચાલક હાર્દિક પટેલની અટકયત કરી વધુ તપાસ હાથધરી છે.

ભરૂચ સિવિલના પોસ્ટમોર્ટમ રૂમમાં કોલસ્ટોરેજ બંધ રહેતાં ૫ જેટલાં બિનવારસી મૃતદેહ રઝળ્યા



ભરૂચ સિવિલ હોસ્પીટલના સત્તાધિશો આટલી ફરીયાદો તેમના પેટનું પાણિ પણ ના હાલતું નજરે પડયું હતું. સૌથી ખેદ જનક વાત તો એ છે કે સત્તાધિશો મોતનો મલાજો જાળવવામાં પણ નિષ્ફળ ગયા હોય તેમ. આજે કોઈ વારસદાર આવશે અને મને અવ્વલ મંઝીલે પહોંચાડી મોક્ષ પ્રાપ્તિ કરાવશેની ઝંખનામાં તેમજ પોલીસ દ્વારા બિનવારસી લાશ વગે થાય તો કેસ ફાઇલ કરવાની ઉતાવળમાં બેધ્યાન રખાતું હોવાની ચર્ચા ટોક ઓફ ધ ટાઉન બની છે.

આ તમામ બિનવારસી લાશોનો આખરે કોઈ વારસદાર ન મળતાં તેમનો વારસદાર બની તેમની અંતિમ ક્રિયા કરતા શાંતિવન સ્મશાનના કેરટેકર ધર્મેશ સોલંકીની દ્વારા અવાર નવાર હોસ્પિટલના સંચાલકોને કોલ્ડ સ્ટોરેજ અંગે રજૂઆતો કરી હોવા છતાં પણ કોઈ યોગ્ય વિકલ્પ નહિ કરી આપતાં બિનવારસી મૃતદેહ લેવા અવતાં ઘોરખોડીયાઓને ઘણીજ મુશ્કેલીઓનો સામનો કરવો પડેછે.

ભરૂચ સિવિલ હોસ્પીટલમાં આવેલ પી.એમ રૂમમાં મૃતદેહો બહાર અને નકામો સામાન કોલ્ડ સ્ટોરેજમાં મુકાતો હોવાની હકીકત બહાર આવી છે. સામાન્ય રીતે ભરૂચ જિલ્લા અને શહેર માંથી બિનવારસી મૃતદેહ ના સગા મળી જાય એ હેતુ સાથે આવતા પોલિસ કર્મી કે જેમની જવાબદારી છે આ મૃતદેહોને કોલ્ડ સ્ટોરેજમાં મુકાવાની અને આ કોલ્ડ સ્ટોરેજ ખરેખર ચાલુ છે ને તે જોવાની જવાબદારી પી.એમ.સમયે જે તબીબે પી.એમ કર્યું હોય એની સાથે લાશ મુકનાર સ્વીપરની? તો કેમ મોતનો મલાજો જાળવવામાં સિવિલ તેમજ સંલગ્ન તંત્ર નિષ્ફળએ પ્રશ્નએ ભારે જોર પકડ્યું છે.

ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલ પી.એમ.રૂમ માં પાંચ જેટલા મૃતદેહો કે જેનું કોઈ વાલી વારસદાર ન હોઈ તેવા બિનવારસી મૃતદેહો છેલ્લા બે દિવસ થી સબડતી હાલત માં છે.ભરૂચ સિવિલ હોસ્પિટલમાં મૃતદેહો ની સાચવણી માટે કોલ્ડ સ્ટોરેજ બનાવામાં આવેલ છે એક સાથે છ જેટલા મૃતદેહો મૂકી સકાય તેવી સુવિધા ઉપલબ્ધ છે. પણ અહીં તો મૃતદેહોને સાચવાની જગ્યા પર મૃતદેહોને ડી કમ્પોઝ હાલત માં મુકવા માટે આવતા હોય તેમ દેખાઈ આવે છે. તંત્ર દ્વારા તાકીદે કોઈ પગલા ભરી મોતનો મલાજો જલવાય તેવી પ્રજામાંગ ઉઠી છે.

ભરૂચની પીનલ પરમાર બોડી બિલ્ડિંગ ક્ષેત્રમાં દસ દિવસમાં બીજી સફળતા, દક્ષિણ ગુજરાતની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વિજેતા



બોડી બિલ્ડીગની ક્ષેત્રમાં આગળ વધતી ભરૂચની એક માત્ર યુવતીને દસ દિવસના ગાળમાં બીજી મોટી સફળતા મળી છે. થોડા દિવસ પહેલા ગુજરાત કક્ષાની સ્પર્ધામાં પીનલ પરમારે બીજો નંબર મેળવ્યો હતો. માત્ર દસ દિવસના ટુંકા ગાળામાં તેણે બીજી મોટી સિધ્ધી હસ્તગત કરી છે. વાપી ખાતે યોજાયેલી દક્ષિણ ગુજરાત ની ચેમ્પીયનશીપમાં પીનલ પરમારે પહેલો ક્રમાંક મેળવ્યો છે. આખા ગુજરાતમાં બીજો અને સાઉથ ગુજરાતમાં પ્રથમ ક્રમાંક મેળવી તેણે ભરૂચ જિલ્લાનુ અને તેના પરિવારનું ગૌરવ વધાર્યુ છે.

ભરૂચની પીનલ અરૂણભાઈ પરમારે ૨૭ જાન્યુઆરીના રોજ વડોદરા ખાતે સ્ટેટ બોડી બિલ્ડીગ એસોશીએશન ગુજરાત દ્વારા મેન ફીજીક/ વુમન ફીજીક ચેમ્પીયનશીપનું આયોજન થયુ હતું. જેમાં સૌ પ્રથમવાર ભરૂચની પીનલ પરમારે બાજી મારી હતી. ત્યારબાદ ગત રવિવારે વાપીના વીઆઈ હોલ ખાતે ભરૂચ વાપીના હર્ક્યુલસ જીમના માલિક અને સ્પોર્ટ્સ ફેડરેશન વાપી વલસાડના જનરલ સેક્રેટરી અસ્ફાક રાણા દ્વારા દ્વારા સેકન્ડ સાઉથ ગુજરાત બોડી બિલ્ડિગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે એફ.સી.જી કંપનીના ડિરેક્ટર દિલીપ પટેલ, નવીન પટેલ, હિરેન પટેલ, ચેતન પાથરે, પ્રકાશ ભદ્રા, સતીષ પટેલ, સમાજમાં વ્યસનમુક્તિ અને ફિટનેશ માટે જાગૃતિ વધે તે હેતુ માટે યોજાયેલી આ સ્પર્ધામાં પીનલ પરમારે પણ ભાગ લીધો હતો. મહિલા કેટગરીમાં પીનલ પરમારે પ્રથમ ક્રમાંક મેળવી દસ દિવસમાં બીજી વાર પોતાનો કમાલ દેખાડ્યો હતો. ભરૂચ અને હવે આખા ગુજરાતમાં યુવતીઓ માટે બોડી બિલ્ડીગના ક્ષેત્રમાં પ્રેરણારૂપ બનનાર પીનલ પરમારને આયોજકો અને અન્ય સ્પર્ધકોએ અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત પીનલે આવી સ્પર્ધાઓનું આયોજન કરી નવા લોકોને પ્રોત્સાહન અને પ્લેટફોર્મ પુરુ પાડનાર ભરૂચ વાપીના હરક્યુલસ જિમના અસ્ફાક રાણાને અભિનંદન પાઠવ્યા હતાં. અસ્ફાક રાણા પણ પોતે બોડિબિલ્ડિગ ચેમ્પીયનશીપમાં માસ્ટર મિસ્ટર ઇન્ડિયા રનર્સ અપ અને ૫ વર્ષ મિસ્ટર ગુજરાત રહ્યા છે.

ભરૂચ પાલિકના શાસક પક્ષ દ્વારા વિકાસના કામોના ટેન્ડર ઉપર સાઈન ના કરી હોવાથી પ્રમુખની ઓફીસ બહાર ધરણા



ભરૂચ નગરપાલિકાના વિપક્ષના વોર્ડના વિકાસના કામોને જાણીબુઝી ને શાસક પક્ષ દ્વારા ડીલે કરતા હોવાના આક્ષેપો સાથે વિપક્ષ નેતા શમસાદઅલી સૈયદ તેમજ અન્ય ચુંટાયેલા કોંગ્રેસના કોર્પોરેટરો પાલિકા ખાતે પ્રમુખના કેબીનની બહાર જ્યાં સુધી તેમના વોર્ડના વિકાસના કામોના ટેન્ડર ઉપર સાઈન ના કરાય ત્યાં સુધી ધરણાં પર બેસી જતા પક્ષના લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

વિપક્ષના નેતા શમસાદઅલી સૈયદે જણાવ્યું કે, ભરૂચ પાલિકા દ્વારા બોર્ડની મીટીંગ દરમિયાન પાલિકા સત્તાધારી પક્ષ દ્વારા વોર્ડ દિઠ વિકાસના કામોની ફાળવણી કરવામાં આવી હતી.જેમાં વોર્ડદિઠ થયેલા કામોની વહેંચણીમાં શાસકપક્ષ દ્વારા તેમના કોર્પોરેટરોના વોર્ડના કામોમાં વહેલું ટેન્ડરીગ કરીને વિપક્ષના કામોને મોડા કરવા જાણીબુઝીને આચારસંહિતા સુધી લંબાવવા ડીલે કરવામાં આવે છે. શાસક પક્ષ દ્વારા વિપક્ષના કોર્પોરેટરોના વોર્ડના કામો ઉપર સાઈન નથી કરાતી.પ્રજાના હિતના કામો માટે જ્યારે પ્રમુખને પુછવા કોલ કરવામાં આવે છે ત્યારે પ્રમુખ ફોન સુધ્ધા ઉઠાવતા નથી અન્ય અધિકારીઓને પુછતા તેઓ પણ તમારા ટેન્ડરો ઉપર સાઈન બાકી છે નું જણાવે છે. પાલિકા પ્રમુખે તેમના વોર્ડમાં સૌથી વધુ કામો ફાળવી તેના તત્કાલ ટેન્ડરીગ કરી કામ શરૂ કરાવી દેવા સાથે ભાજપાના કોર્પોરેટરોના કામો પર પણ સાઈન કરી કામો શરૂ કરાવ્યા છે. એટલે શાસક પક્ષનું આ એક ષડયંત્ર છે કે, લોકસભા ચુંટણીની આચાર સંહિતા લાગુ ના પડે ત્યાં સુધી વિકાસના કામોની સાઈન નથી કરવી અને તે માટે વિપક્ષના તમામ ચુંટાયેલા કોર્પોરેટરો દ્વારા પાલિકા પ્રમુખના કેબીનની બહાર જ જ્યાં સુધી વિપક્ષના વોર્ડના મંજૂર કરાયેલા કામોના ટેન્ડરીગ ઉપર સાઈન નહી કરવામાં આવે ત્યાં સુધી ધરણા યથાવત રહેશેનું વિપક્ષા નેતા શમસાદઅલી સૈયેદે આક્ષેપો સાથે જણાવ્યું હતું.

નાંદોદના મોટી ભમરી ગામે પતિ સામે કેસ કરનાર પત્નીની હત્યા : પતિ પર શંકાની સોય

કોર્ટમાં ખાધા ખોરાકીનો કેશ કરનાર પત્નીને જીવિત હાલતમાં પતિએ કોથળામાં બાંધી કરજણ નદીમાં ડુબાડી મોતને ઘાટ ઉતારી હોવાની શંકા

રાજપીપળા : નર્મદા જીલ્લાના નાંદોદ તાલુકાના મોટી ભમરીની પલસી ગામે પરણાવેલી રંજનબેન ગોપાલભાઈ વસાવા ઉવ.૨૮ને તેનો પતિ ગોપાલભાઈ હિંમતભાઈ વસાવાનો, (રહે.પલસી, નાંદોદ) સારી રીતે રાખતો ના હોઈ અને મારઝૂડ કરતા રંજનબેન ૨૦૧૫ ના વર્ષમાં સાતમા મહિનાથી તેના પિતાને ઘરે મોટીભમરી ગામે આવતા રહ્યા બાદ રાજપીપળા કોર્ટમાં ખાધા ખોરાકીનો કેશ દાખલ કરતા તેની અદાવત રાખી આ કામના શકદાર રંજનબેનના પતિ ગોપાલભાઈ હિંમતભાઈ વસાવાએ તા.૯/૧/૨૦૧૯ થી તા.૦૨/૦૨/૨૦૧૯ ના કોઈપણ સમયે રંજનબેનને જીવીત હાલતમાં કપડા વડે હાથ પગ બાંધી દઈ કંતાનના કોથળામાં નાંખી રંજનબેન પાણીમાંથી બહાર ના આવે તે માટે નાયલોન દોરી કંતાનના કોથળા ઉપર તેમજ વાસના ટુકડા તેમજ પત્થર સાથે બાંધી જીવીત હાલતમા ડિંગલા કોતર કરજણ નદીના પાણીમા નાંખી ડુબાડી દઈ મોત નિપજાવી પુરાવાના નાસ કરવાનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ મરનાર રંજનબેનને પિતા રતનભાઈ રૂપજીભાઈ વસાવાએ રાજપીપળા પોલીસ મથકે આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.તપાસ ટાઉન પીઆઈ આર એન રાઠવા કરી રહ્યા છે.

નવસારી જિલ્લામાં ૧૩૨૧૩ નવા મતદારોનો યાદીમાં વધારો થયો

નવસારી

નવસારી જિલ્લામાં ૧૦૦૩૨૮૦ જેટલા મતદારો હતાં, જેમાં ૧૩૨૧૩ જેટલા નવા મતદારો ઉમેરો થતાં ૧૦૧૬૪૯૩ કુલ મતદારો નોંધાયા છે. નવસારી જિલ્લામાં ૫૦૬૯૬૩ પુરુષ મતદારોમાં ૬૧૨૦ મતદારોનો વધારો થતાં ૫૧૩૦૮૩ પુરુષ મતદારો નોંધાયા છે. જયારે ૪૯૬૨૭૭ સ્ત્રી મતદારોમાં ૭૦૯૧ નવા મતદારો નોંધાતા કુલ ૫૦૩૩૬૮ સ્ત્રી મતદારો નોંધાયા હોવાનું નવસારી જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડૉ.એમ.ડી.મોડિયાએ જણાવ્યું હતું. જિલ્લામાં કુલ ૧૯ જેટલા મતદાન મથકોનો ઉમેરો થયા છે. જેથી ૧૧૭૮ જેટલા મતદાન મથકોની સંખ્યા થયેલ છે.

નવસારી જિલ્લામાં તા.૩૧/૧/૧૯ સુધીમાં તૈયાર થયેલ મતદાર યાદી પ્રસિધ્ધિ અને ડિસ્ટ્રીકટ કોન્ટેક સેન્ટરની શરૂઆત અંગેની જાણકારી આપવા નવસારી કલેકટરાલય ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, તા.૩૧/૧/૧૯ સુધીમાં ૧૮ વર્ષથી ઉપરના માઇગ્રેટ થયેલા કે મતદાર યાદીમાં નામ ન નોંધાવાયેલા બાકી રહેલા મતદારો નામ નોંધવાની પ્રક્રિયા ચાલુ છે. ફોર્મ નં-૬ માં નવા નામ દાખલ કરવા, ફોર્મ-૬-એ વિદેશમાં રહેલા ભારતીય નાગરિકનું નામ મતદાર યાદીમાં દાખલ કરવા માટે ફોર્મ-૭ મતદારનું નામ કમી કરવા માટે, ફોર્મ-૮ મતદારના નામ કે વિગતમાં ભૂલ સધારવા માટે, ફોર્મ ૮-ક એક જ મતદાર વિભાગમાં મતદારનું નામ એક ભાગમાંથી બીજા ભાગમાં બદલવા માટે કાર્યક્રમ શરૂ કરેલ છે.

નવસારી જિલ્લામાં તા.૨૫ મી જાન્યુઆરીથી ડિસ્ટ્રીકટ કોન્ટેકટ સેન્ટરની શરૂઆત થઇ છે. જેમાં ચુંટણી પ્રક્રિયા, મતદારોની ફરિયાદ મળી રહી છે જે માટે મતદારો માટે ૧૯૫૦ હેલ્પલાઈન ઉપર તેમજ ટોલ ફ્રી નં-૧૮૦૦૨૩૩૬૨૭ ઉપર પણ ફરિયાદ કરી શકે છે. પ્રારંભમાં નાયબ ચુંટણી અધિકારી શ્રી પ્રજાપતિએ મિડીયાકર્મીઓને આવકાર્યા હતાં. પ્રત્રકાર પરિષદમાં પ્રિન્ટ અને ઇલેકટ્રોનિક મિડીયાકર્મીઓ ઉપસ્થિત રહયાં હતાં.

વઘઈ ખાતે યોજાઈ યોગ શિબિર બાળમિત્રોને અપાઈ યોગની તાલીમ

આહવા

ડાંગ જિલ્લાના પ્રવેશ દ્વાર વઘઈ ખાતે ડાંગ જિલ્લા પતંજલિ યોગ સમિતિ દ્વારા ત્રિદિવસિય યોગ શિબિરનું આયોજન કરાયુ હતું તા.૨૩ જી ફેબ્રુઆરીથી તા.૪થી ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-વઘઈ ખાતે આયોજિત આ શિબિરનો લાભ એમ.એ.બી.એડ્.ના ૬૦ જેટલા વિદ્યાર્થીઓ સહિત, સીઝનલ હોસ્ટેલના ૫૪ જેટલા બાળકો તથા નગરજનોએ ઉત્સાહભેર લાભ લીધો હતો. ડાંગ જિલ્લા યોગ સમિતિના અધ્યક્ષ શ્રીમતી પ્રિતીબેન ભાવસાર સહિત દક્ષિણ ગુજરાતના રાજ્ય કાર્યકારિણી સદસ્યા તનુજાબેન મકવાણા અને વઘઈ તાલુકાના પ્રભારી શ્રી ગુણવંતભાઈ તેમજ યુવા પ્રભારી શ્રી શૈલેષભાઈના સહયોગથી આયોજિત આ યોગ શિબિરમાં ભાગ લેનારા, ૬૦ જેટલા યુવા ભાઈ/બહેનો દ્વારા આગામી દિવસોમાં યોગ સમિતિમાં જોડાઈને નિઃશુલ્ક યોગ શિબિરનો લાભ અન્ય લોકોને પણ મળે તે માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો. જ્યારે સીઝનલ હોસ્ટેલના ૫૪ બાળમિત્રો દ્વારા તેમની શાળાના ૧૨૦૦ જેટલા બાળકોને પણ યોગ શિક્ષણનો લાભ પુરો પાડશે. ડાંગ જિલ્લામાં નિઃશુલ્ક યોગ શિબિરના આયોજન માટે મોબાઈલ નંબર : ૯૭૨૪૩ ૩૬૭૯૨, ૮૮૬૬૩ ૮૭૫૮૬,૯૪૨૭૧ ૭૩૩૩૯૧ ઉપર સંપર્ક સાધી શકાશે, એમ પણ આયોજકો દ્વારા જણાવાયું છે.

કેનેડાના કાયમી વિઝાના નામે રૂા. ૧૬.૫૪ લાખની ઠગાઈ

ડીસીબી પોલીસે ગુનો નોંધી અમરોલીના ચીટર દિનેશની તપાસ હાથ ધરી

સુરત

કેનેડાના પરમેનન્ટ રેસીડેન્ટ વિઝા અપાવવાની નામે રૂા. ૧૬.૫૪ લાખની ઠગાઈ કરનાર અમરોલીના દિનેશ સોલંકી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

ડીસીબી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અડાજણ સ્વામી નારાયણ મંદિર પાસે યોગી પાર્કમાં રહેતા નારાયણ સિંગે આરોપી દિનેશ સુરેશભાઈ સોલંકી (રહે. સ્વસ્તિક રો હાઉસ, કોસાડ રોડ, અમરોલી), વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદીને કેનેડાનો પરમેનન્ટ રેસીડેન્ટ વિઝા અપાવવાનો ભરોસો આપી રૂા. ૧૬,૫૪,૨૦૦ મેળવ્યા હતા અને વિઝા ક્લિયર નહીંકરાવી આપી નાણા પરત નહીં આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

આરોપી દિનેશ સોલંકીએ આ રીતે અનેક લોકો સાથે ઠગાઈ કરી હતી. ડીસીબી પોલીસે ફરિયાદ નોંધી તપાસી હાથ ધરી છે